
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥



**શ્રી પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની સમાધિ**

કૈવલ્ય વિદેહ મુક્ત : સંવત ૧૯૩૭ માગશર વદ સાતમને ગુરૂવાર

સ્થળ : મુ. આકરૂ, તા. ધંધુકા, જી. અમદાવાદ

વર્ષ ૩૬ સંવત ૨૦૭૧ કારતક, ડિસેમ્બર – ૨૦૧૪, અંક – ૧૨

# 'વેદ રહસ્ય' સામયિક સભ્યોને ખાસ વિજ્ઞાપન

✓ 'વેદ રહસ્ય' દર મહિનાની પાંચ તારીખે પ્રગટ થાય છે.

✓ 'વેદ રહસ્ય' નું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે.

✓ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબરનો અવશ્ય ઉલ્લેખ કરવો

✓ સરનામા ફેરફાર થાય તેમજ તા. પંદર સુધીમાં અંક ન મળે તો પત્રથી ફોન નંબર સાથે અથવા ફોન દ્વારા અથવા રૂબરૂ પ્રકાશકશ્રીના સરનામે જાણ કરવી

✓ જે સભ્યોનું વાર્ષિક લવાજમ પુરૂ થાય અને ડીસેમ્બર મહિનાની તા. ૧૫ સુધીમાં લવાજમ ભરવામાં ન આવે તો અંક આપોઆપ ત્યાર પછીના મહિનાથી બંધ થયેલ ગણવામાં આવશે.

✓ વર્ષની વચ્ચે કોઈપણ મહિનામાં વાર્ષિક સભ્ય થયા હશે તો પણ વર્ષ ડીસેમ્બર માં પુરૂ થયેલું ગણાશે.

✓ કોઈપણ જાતનું લવાજમ ભરીને કાર્યાલયમાંથી ફરજીયાત પહોંચ મેળવી લેવાની રહેશે.

✓ લેખો, ભજનો, કીર્તનો વગેરે ધાર્મિક, આધ્યામિક, જીવન ઉપયોગી હોવા જોઈએ. લેખો–ભજનો–કીર્તનો વગેરે ઉપર જાણાવ્યા પ્રમાણે અનુરૂપ નહીં હોય અથવા કોઈપણ પુસ્તકના કે છાપાના ઉતારા હશે અને પ્રગટ કરવા જેવા નહીં લાગે તેવા લેખો–ભજનો–કીર્તનો વગેરે રદ કરી શકાશે અને લેખકોને પરત મોકલવામાં આવશે નહીં. લેખકોને કોઈપણ જાતનું મહેનતાણુ કે પુરસ્કાર આપવામાં આવતો નથી.

✓ પ.પૂ. શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની શુભ પ્રેરણા અને અસીમ કૃપાથી 'વેદ રહસ્ય' સામયિકનો શુભ આરંભ થયેલ તેમજ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી અને તેમના માર્ગદર્શન નીચે સેવક સમુદાય દ્વારા સુરત થી પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સામયિકની પ્રવુત્તિ અને વિકાસ વધતો જ જાય છે. તેથી આપ સૌ સેવક–ભકતોને નિવેદન કરવામાં આવે છે કે વાર્ષિક લવાજમ ભરીને વારંવાર સભ્ય થવું, લવાજમ ભરવામાં નિયમિતતા જળવાય નહીં, તેના બદલે આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બની જાઓ તો તમારે અને કમીટી મંડળ બંનેને ઘણી સાનુકૂળતા થઈ જાય અને વહીવટમાં પણ સુગમતા રહે. તેથી આપ સૌ સેવક–ભકતો આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બનો અને બીજાને બનવાની પ્રેરણા અને ઉત્સાહ વધારો જેથી આપે સત્સંગ સાહિત્યની મહાન સેવા કરી ગણાશે.

✓ લવાજમની રકમ રોકડેથી ભરી શકાશે તેમજ ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી પણ લવાજમ ભરી શકાશે. ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટ વગેરે ''**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**'' ના નામનો કઢાવવાનો રહેશે અને પ્રકાશકશ્રીના સરનામે મોકલવાનો રહેશે.

## ખાસ સૂચના

✓ લેખ, ભજન કે કીર્તન મોકલનારે તારીખ સાથે પોતાનું સ્વચ્છ સરનામું તથા ફોન નંબર આપવાનો રહેશે તેમજ લેખ, ભજન કે કીર્તનના અંતમાં પોતાની સહી કરવાની રહેશે. સહી કરેલા લેખ, ભજન કે કીર્તન સારા અક્ષરોમાં હાસિયો છોડીને લખેલા હશે તો જ માન્ય ગણાશે. ઝેરોક્ષ કરેલા લેખ, ભજન કે કીર્તન માન્ય રહેશે નહીં.

✓ **જે વેદ રહસ્ય અંકના આજીવન સભ્ય સ્વર્ગવાસ થયેલ છે. તેનું આજીવન પુરૂ થાય છે. તો નવું લવાજમ ભરી સભ્ય થવા ખાસ સુચના છે. નહીતર આવતા મહીને અંક બંધ કરવામાં આવશે.**

**સંપર્ક નં. મો.: ૯૪૨૭૪ ૨૯૯૦૧, ૯૮૯૮૩ ૨૨૬૫૦, ૯૮૨૪૧ ૮૧૩૭૯**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૬ / ડિસેમ્બર-૨૦૧૪ / અંક-૧૨

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા કે. ભરોડિયા (પાલડી) |
| ૮ | શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્ <br> કૃષ્ણા કે. ભરોડિયા (પાલડી) |
| ૯ | સુખકર ઘડપણ <br> હસમુખ પટેલ |
| ૧૧ | બાળ કેળવણી <br> લવજીભાઈ કે. સવાણી |
| ૧૨ | પરમાત્માને જાણો <br> દેવીકાબેન જે. પટેલ (ઓજરાળા) |
| ૧૩ | સુખ શોધો દુઃખ છોડો <br> દિનેશ એન. લાઠીયા (જરીયા) |
| ૧૪ | કડવું સત્ય બોલનારા.. <br> પ્રવિણભાઈ ડી. સુતરીયા (ચમારડી) |
| ૧૫ | પરંપરા અને આત્મજ્ઞાનનું શિક્ષણ <br> મિનાક્ષીબેન આઈ. પટેલ (અમદાવાદ) |
| ૧૭ | દિવ્યકર્મ <br> ભગવાનભાઈ સી. ભલાણી (સુરત) |
| ૧૯ | ગુરૂ નિષ્ઠા <br> રણછોડભાઈ અઘેવાડા |
| ૨૧ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |


જય સચ્ચિદાનંદ


**: માધવ પીઠાધિપતિ :**
"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય"
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫૦૦૪

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪
ફોન ન. ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

**: માનદ સંપાદકીય સલાહકાર :**
"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય"
૧. કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા (પાલડી)
૨. બાબુભાઈ નાનજીભાઈ કોશીયા (અંકેવાળીયા)
૩. ગોરધનભાઈ જગાભાઈ ગાબાણી (પીપળીયા)


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૫ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.



લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

# કઠોપનિષદ્

સંકલન કર્ત્રી :- કૃષ્ણા કે. ભરોડિયા
(પાલડી)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ...**

બીજા વરદાનની અંદર માંગે છે કે મને સ્વર્ગ આદિમાં જવા માટે જે અગ્નિનું જ્ઞાન અગ્નિ વિદ્યા આપો.

मृत्युरुवाच-

यथा पुरस्ताद्भ विता प्रतीत
औद्दालकिरारुणिर्मत्प्रसृष्टः।
सुखम् रात्रीः शयिता वीतमन्यु-
स्त्वां ददृशिवान्मृत्युमुखात्प्रमुक्तम्॥ ११॥
॥ १-१-११॥

યમરાજા નચિકેતાને પહેલા વરદાનને માટે સમજણ આપતા કહે છે કે હું, જે તે માંગ્યું તે પ્રદાન કરું છું અને જે રીતે તને પૂર્વમાં તારા પિતા પ્રેમ કરતાં એ રીતે જ પ્રેમ કરશે પેલા જેમ ઓળખતા એ રીતે જ ઓળખશે કે આ મારો જ પુત્ર છે એ રીતે જ પાછો આવ્યો હોય યમરાજાને રાજી કરીને. એ રીતે તારા પિતા શાંત મનવાળા થઈ જશે. તને ઓળખી જશે તારા તમામ પ્રકારનું કામ થઈ જશે. એમ યમરાજાએ પ્રથમ સુંદર વરદાન પ્રદાન કર્યું. બીજા વરદાનમાં કહે છે-

नचिकेता उवाच-

स्वर्गस्वरुपप्रदर्शन

स्वर्गे लोके न भयं किंचनास्ति
न तत्र त्वं न जरया बिभेति।
उभे तीर्त्वाशिनायापियासे
शोकातिगो गोदते स्वर्गलोके॥ १२॥
॥ १-१-१२॥

**स्वर्गे लोके न भयं किंचनास्ति** કે સ્વર્ગલોકમાં ગઢપણનો ભય નથી. જલ્દી મૃત્યુ પણ આવીને ઊભુ રે'તું નથી. અનેક પ્રકારના ભોજનની પણ ચિંતા હોતી નથી. એટલા માટે સ્વર્ગલોકને પ્રાપ્ત કરવા માટે અગ્નિનું જ્ઞાન મને આપો એમ નચિકેતાએ બીજા વરદાનની અંદર માંગ્યું.

**द्वितीय वर-स्वर्गसाधनभूत अग्निविद्या**

स त्वमग्निम् स्वर्ग्यमध्येषि मृत्यो
प्रब्रूहि त्वम् श्रद्धानाय मह्यम्।
स्वर्गलोका अमृतत्वं भजन्त
एतद् द्वितीयेन वृणे वरेण॥ १३॥
॥ १-१-१३॥

નચિકેતા કહે છે કે સ્વર્ગલોકની અંદર કોઈ ભય નથી એ અગ્નિનું જ્ઞાન કૃપા કરીને મને બીજા વરદાનમાં આપો.

मृत्योः प्रतिज्ञेयम् -

प्र ते ब्रवीमि तदु मे निबोध
स्वर्ग्यमग्निं नचिकेतः प्रजानन्।
अनन्तलोकाप्तिमथो प्रतिष्ठां
विद्धि त्वमेतं निहितं गुहायाम्॥ १४॥
॥ १-१-१४॥

યમરાજા કહે છે હું તને એ જ્ઞાન આપું તું શાંતિથી સાંભળ કે જે અગ્નિ **अनन्तलोकाप्तिम** અનન્ત લોક દેવાવાળી જેનો જલ્દી અંત ન થાય સદા લાંબો ટાઈમ સુધી રે'વાવાળું સ્વર્ગ છે એનું હું તને જ્ઞાન આપું એ અત્યંત બુદ્ધિમાન ગુહ્ય છે એને તું શ્રદ્ધાથી પ્રેમથી શ્રવણ કર.

इदं श्रुतेर्वचनम् -

लोकादिमग्निं तमुवाच तस्मै
या इष्टका यावतीर्वा यथा वा।

स चापि तत्प्रत्यवदद्यथोक्त-

मथास्य मृत्युः पुनरेवाह तृष्टः ॥ १५ ॥

॥ १-१-१५ ॥

તો ખાસ કરીને ઉપનિષદોએ તત્ત્વજ્ઞાનનો વિષય છે. સ્વર્ગનો વિષય નથી પણ વચમાં એટલે બતાવ્યું કે આપણી સંસ્કૃતિમાં ત્રણેયની જરૂર છે. આલોક સુધારવો, પરલોક સુધારવો અને મોક્ષ પ્રાપ્ત કરવો. એટલા માટે ત્રણ વરદાનો આપ્યા. આપણે ત્રણેયમાંથી એકેયની ઉપેક્ષા કરવાની જરૂર નથી. બધાની જરૂર છે. એટલે કોઈ કોઈનું ખંડન કરવા માટે છે એમ કોઈએ ના સમજવું. જયારે જયારે એમ કહેને ત્યારે એકબીજાથી આગળ વધવા માટે કહે છે એમ સમજવું. જેમ મેટ્રિક પાસ થવાનું B.A. થવાનું ને M.A. થવાનું એમાં કોઈની ઉપેક્ષા કરવા માટે નથી. કોઈને હલકું કે'વા કે મોટું કહેવા નથી. અધરું કહે તો તે કંઈ નાખી દેવા માટે નથી. મેટ્રીલ વાળાને એમ કહે કે M.A. અઘરું છે તો M.A. કરવુ જ નહીં કોઈ દિ' એવો અર્થ ન સમજવો. કોઈ એમ કહે કે M.A. કરતાં Matric હલકી છે તો તે ભણવી જ નહીં એવો અર્થ ન સમજવો પણ ત્રણેની જરૂર છે. પોતાની યોગ્યતા પ્રમાણે કરવું પ્રથમવાળા એ મેટ્રીક પાસ કરવી જોઈએ. B.A. કરવું જોઈએ અને પછી M.A. પણ કરવું જોઈએ.

એમ આલોકનું કરવું જાઈએ, પરલોકનું પણ કરવું જોઈએ અને છેલ્લે મોક્ષનું પણ કરતું રહેવું જોઈએ એ ત્રણેયની જરૂર છે. એમ ઉપનિષદો દ્વારા આપ્યું એટલે ત્રણ વરદાન માંગ્યાં. બીજી રીતે જોવો તો ત્રણ ગુણો છે આપણી અંદર સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણ બીજી રીતે જુવો તો ત્રણ શરીર છે આપણી પાસે સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર ને કારણ શરીર. એટલા માટે આપણા જીવનમાં તનથી મનથી ને બુદ્ધિથી એમ ત્રણેથી જીવન જીવવું જોઈએ. તનથી વહેવાર સારો કરો તો જગતમાં સુખી થવાય, મનથી સારી ભાવના કરો તો અંતરથી સુખી થવાય, બુદ્ધિથી સારું જ્ઞાન પ્રાપ્ત કરો તો સદાને માટે મુક્ત. હંમેશા મુક્ત રે' કોઈ દિ' બંધનમાં આવે જ નહીં એટલે શરીરથી, મનથી ને બુદ્ધિથી ત્રણેયથી જીવવું જોઈએ. એટલા માટે ત્રણે વરદાનો માંગ્યા. આલોકની તૃપ્તિને માટે પિતાની શાંતિ માંગી, પરલોકને માટે સ્વર્ગને માટે અગ્નિનું જ્ઞાન માંગ્યું અને પછી આગળ તત્ત્વજ્ઞાન એ આનો મુખ્ય વિષય છે. તત્ત્વજ્ઞાન એ શું છે ? ઉપનિષદોનો મુખ્ય વિષય છે એનો મતલબ બીજું કોઈ દિ'નો કરવું એમ અર્થ ન સમજશો પણ જો તમે જીજ્ઞાસુ પુરુષો હોય એ બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે તત્ત્વજ્ઞાન માટે જાય, જો કામી હોય તો પછી કર્મકાંડી પાસે જાય અને જીજ્ઞાસુ હોય, મુમુક્ષુ હોય એ સંતો પાસે જાય મોક્ષ લેવા માટે જાય એટલા માટે આ મોક્ષ પ્રદાન ગ્રંથ કહેવાય. એટલા માટે આમાં સ્વર્ગનું બહું લાંબુ મોટું વર્ણન નથી કર્યું. ટૂંકામાં કહી દીધું કે, એટલી ઈંટો જોઈએ એટલું યાજ્ઞ જોઈએ આ રીતે જોઈએ એમ એણે મોટા મોટા નામ ગણાવી દીધા. જેવા નામ ગણાવ્યાને જે રીતે કહ્યું એ રીતે નચિકેતાએ તરત જ યાદ કરી લીધું અને નચિકેતાએ (યમરાજાની) સામે સંભળાવી પણ દીધું. તો જે ઉત્તમ શિષ્ય હોયને તે ગુરુના વચનોને તરત પકડી લે. એટલા માટે યમરાજાએ જે જે શબ્દો કહ્યા એ નચિકેતાએ સામે સંભળાવી દીધા એટલે યમરાજા નચિકેતા ઉપર બહુ પ્રસન્ન થયા અને પ્રસન્ન થઈને કહ્યું ત્રણ વરદાન તારા છે પણ ચોથું વરદાન પણ હજી હું તને તારા માંગ્યા વગર આપું છું કે આજથી આ અગ્નિનું નામ 'નચિકેતા નામ અગ્નિ' પડશે. એટલે એ અગ્નિનું નામ 'નચિકેતા નામનો અગ્નિ' પડી ગયું. એટલા માટે એ ખુબ સુંદર પ્રસન્ન થયા-

कथम् -

तमब्रवीत्प्रीयमाणो महात्मा

वरं तवेहाद्य ददामि भूयः।

तवैव नाम्ना भवितायमग्निः

सृङ्कां चेमामनेकरूपां गृहाण ॥ १६ ॥

॥ १-१-१६ ॥

કે આજથી આ અગ્નિનું નામ નચિકેતા પડશે અને અનેક પ્રકારની માળા જે સુંદર આપું છું અને પણ તું ગ્રહણ કર.

नाचिकेत अग्निचयनका फल

त्रिणाचिकेतस्त्रिभिरेत्य सन्धि

त्रिकर्मकृत्तरति जन्ममृत्यू।

ब्रह्मजज्ञं देवमीडयं विदित्वा

निचाय्येमाम् शान्तिमत्यन्तमेति ॥ १७ ॥

॥ १-१-१७ ॥

આ ત્રણ અગ્નિ દ્વારા **ઈજ્યા,** અધ્યયન અને દાન. **ઈજ્યા** એટલે યજ્ઞ કરવો, અધ્યયન કરવું અને દાન કરવું એ ત્રણ દ્વારા માનવ પોતાની ઊંચી સ્થિતિએ પહોંચી શકે છે. યજ્ઞ કરવો એટલે તો તમે સમજોને કે હવન કરવો. હવન કરવો એટલે હોમાવું, જીવનમાં હોમાવું જોઈએ. હોમાયા વગર કંઈ મળતું નથી. જેમ

હિરો છે ને એ અગ્નિમાં હોમાયને ઘસાયને સુંદર બને, સોનાને અગ્નિમાં નાખો તો તે તપીને સુંદર બને. એમ હું ને મારું હોમી દેવુ, શું હોમી દેવું ? બોલો કે -

**જી રે હું ને મારાના હવન કર્યા**

એટલે હું ને મારું છોડીને બધું ભગવાનનું છે એ દ્રઢ કરવું. કે કંઈ હું ય નથી ને કંઈ મારુંય નથી જે છે એ બધું પરમાત્માનું છે કે-

**તેરા તુજ કો અર્પણ (૨)**
**ક્યા લાગે મેરા.**
**બ્રહ્માર્પણં બ્રહ્મ હવિ-ર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્**
**બ્રહ્મૈવ તેન ગંતવ્યં, બ્રહ્મકર્મસમાધિના.**

(ગીતા-અ-૪-૨૪)

તો ઈજ્યા એટલે યજ્ઞ પછી અધ્યયન એટલે ભણવું, સાંભળવું, શીખવું અને ઈજ્યા, અધ્યયન અને દાન. જયારે આપણે ગુરુની પાસે ભણ્યા જેની પાસે કર્યુ એને આપણે દાન દેવું જોઈએ. સાધુ પુરુષો હોય, કોઈ બ્રાહ્મણ હોય જે લોકો પરમાત્મ પરાયણ થતા હોય અને આપણને માર્ગે લઈ જતા હોય એને માટે આપણે જીવનમાં સાત્ત્વિક ભાવથી કંઈ પ્રદાન કરવું એ ત્રણ વસ્તુ ધીરે ધીરે આપણને પરમાત્મા તરફ લઈ જવાવાળી છે એટલે ઈજ્જા, અધ્યયન અને દાન એ ત્રણ.

**त्रिणाचिकेतस्त्रिभिरेत्यं** કે માતૃવાન, પિતૃવાન અને આચાર્યવાન એ ત્રણ દ્વારા મનુષ્ય ઊંચી ગતિએ પહોંચે છે. જે માતાની સેવા કરે, પિતાની સેવા કરે અને ગુરુની સેવા કરે એટલે **त्रिभिरेत्यं सन्धिं** કે માતાને રાજી કરે, પિતાને રાજી કરે અને ગુરુને રાજી કરીને પૂર્ણ દ્વારા જે પોતાના જીવનને ઉત્તમ બનાવે એ ઊંચી ગતિએ જાય છે. એટલે માતૃવાન, પિતૃવાન અને આચાર્યવાન વેદ. જે માતા, પિતા અને ગુરુને જીવનમાં સ્થાન આપે છે એ જીવનમાં ઊંચી સ્થિતિએ જાય છે. જે લોકો એ નથી સ્થાન આપતા એ પછી કૃતઘ્ન થાય છે. **'कृतघ्नेपाशीतंनास्ति'** કૃતઘ્નનું પછી કોઈ પ્રાયશ્ચિત થતું નથી એટલે -

**તેને કૃતઘ્ની સરખો કહીએ, તેની સંગે તે સરખા થઈએ,**
**કહે પ્રીતમ તેથી અળગા રહીએ, દેહ મનુષ્ય ધરી...**
**મારા વ્હાલાજી, મહામણિ મેલીને પત્થર ચિત્ત પ્રોચું,**
**જેણે જાળવીયો જઠરામાંહિ, ત્હેને સંભાર્યો સ્વપને નાંહિ,**
**લંપટ તુજને લાજ લગાર નહિ, દેહ મનુષ્ય ધરી...**
**તેની દેહ અશુદ્ધ અશુદ્ધ વાણી,**
**જેણે પ્રીત પ્રભુ શું નવ આણી,**
**તે અધમ જાત પામર પ્રાણી, દેહ મનુષ્ય ધરી...**

(સ્વામી પ્રિતમદાસજી)

તો જે ઈજ્યા, અધ્યયન અને દાન કરે, માતા, પિતા, ગુરુને રાજી કરે એ જન્મ-મૃત્યુથી તરી જાય છે. **'ब्रह्मजज्ञं देवमीडयं विदित्वा'** કે જે બ્રહ્મ પરમાત્માથી થયેલું જે તત્ત્વ અને જે જ્ઞાનથી જણાય એવું જે તત્ત્વ હોય એને જે જાણે છે તે જન્મ-મરણના બંધનમાંથી છૂટીને શાંતિનો ભાગીદાર બને છે.

त्रिणाचिकेतस्त्रयमेतद्विदित्वा
य एवं विद्वान्श्चिनुते नाचिकेतम्।
स मृत्युपाशान्पुरतः पुणोद्य
शोकातिगो मोदते स्वर्गलोके ॥ १८ ॥

॥ १-१-१८ ॥

જે લોકો આ નચિકેતા નામના યજ્ઞનો ચયન કરે છે, માતા, પિતા, ગુરુને રાજી કરે છે ઈજ્યા અધ્યયન અને દાન કરીને સુંદર જીવન બનાવે છે એ મૃત્યુના બંધનમાંથી છૂટી સ્વર્ગમાં જઈને ઘણાય સુખો ભોગવે છે ને ધીરે ધીરે ત્યાં પણ જો નિષ્કામ થઈને જાગે તો મુક્ત પણ થઈ જય છે એ-

एष तेऽग्निर्नचिकेतः स्वर्ग्यो
यमवृणीथा द्वितीयेन वरेण।
एतमग्निं तवैव प्रवक्ष्यन्ति जनास –
स्तृतीयं वरं नचिकेतो वृणीष्व ॥ १९ ॥

॥ १-१-१९ ॥

યમરાજા કહે છે કે, હે નચિકેતા ! મેં આ રીતે તને બીજું વરદાન પણ આપ્યું આજથી આ અગ્નિનું નામ નચિકેતા નામનો અગ્નિ થશે, હવે તું ત્રીજું વરદાન માંગ. તો ધ્યાનથી સાંભળજો આપણી સંસ્કૃતિની અહિંથી ખાસ શરૂઆત થાય છે ઊંચી સંસ્કૃતિ, જે વિદેશોમાં જે કંઈ પણ નહીં મળે. અહીં સુધીનું તો બધાને ખબર છે. કે જીવવું પછી મરવું, મર્યા પછી બીજે જન્મે કંઈ કરવું પણ આત્માના સાચા સ્વરૂપને જાણવુ એ આપણી સંસ્કૃતિમાં અને ખાસ કરીને ઉપનિષદોમાં છે એટલે ધ્યાનથી સાંભળો ત્રીજા વરદાનમાં નચિકેતા માંગે-

तृतीय वर–आत्म रहस्य

येयं प्रेते विचिकित्सा मनुष्ये –
ऽस्तीत्येके नायमस्तीति चैके।
एतद्विद्यामनुशिष्टस्त्वयाहं
वराणामेष वरस्तृतीयः ॥ २० ॥

॥ १-१-२० ॥

ત્રીજા વરદાનમાં નચિકેતા કહે છે કે, 'હે

યમરાજા ! ઘણાં લોકો કહે છે કે આ શરીર છૂટ્યા પછી આ શરીરથી અલગ કોઈ જુદું તત્ત્વ છે અને કોઈ કહે નથી.' ધ્યાનથી સાંભળો સાચી સંસ્કૃતિ શરૂ થાય આપણા બાળકોને આપણા કુટુંબીઓને આવા રોજ સંસ્કાર શીખવવા જોઈએ કે શરીરથી કોઈ જુદું તત્ત્વ છે કે નથી. તો જુદું તત્ત્વ છે તે તો સામાન્ય માણસો સુધી ખબર છે પણ કેવું એ છે ? એનું જ્ઞાન લોકો પછી મેળવતાં નથી. એ અસંગ છે ! કે કર્તા છે ! કે અકર્તા છે ? વ્યાપક છે કે પૂર્ણ છે ? કે અધૂરું છે ? કયાંથી આવ્યું છે ? કયાં જવાનું છે ? એનો વિચાર કર્યા વગર એમનામ ખાલી માની લે છે. એટલા માટે છે કે નથી ? એ પેલા નિર્ણય કરો 'છે' એમ શબ્દ નક્કી થઈ જાય પછી કેવું છે ? એ જાણવુ જોઈએ. કેવડું છે ? એ જાણવું જોઈએ. કયાંથી આવ્યું છે ? એ જાણવું જોઈએ કયાં જવાનું ? -

**ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો,**
**તપાસ કરને તેની રે,**
**શોધી કાઢને સદ્‌ગુરુ જોષી,**
**ઉકેલ પાડે એનો રે.**

તો ધર્મની શરૂઆત અહીંથી થઈ જાય કે શરીરથી અતિરિક્ત કોઈ વસ્તુ છે કે નથી. જે લોકો ચાર્વાક લોકો હોય છે ને એતો કહે છે કે બસ શરીર જ બધુ છે શરીરથી નોખું કંઈ નથી એટલે લોકો કહે છે.

**યાવદ્‌જિવેત્ સુખંજીવેત્ ઋણંકૃત્ત્વા ઘૃતં પીબેત્ ।**
**ભસ્મીભૂતસ્ય દેહસ્ય પુનરાગમનંકુતઃ ॥**

ચાર્વાક એટલે મીઠું મીઠું બોલવાવાળા જે હોયને તે લોકોને ગમે એવું બોલો. લોકાને ગમે એવું એ છે કે ખાય-પીને મજા કરો.

**વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય,**
**નવાનિ ગૃહ્‌ણાતિ નરોઽપરાણિ,**
**તથા શરીરાણિ વિહાય જીર્ણા**
**ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી.**

(ગીતા-અ-૨-૨૨)

ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું છે કે જુના કપડા જેમ ઉતારી નાખે એમ આ જીવ જુના શરીરને ઉતારીને નવું ધારણ કરે છે. એટલા માટે શરીર તો એક કપડું માત્ર છે. અંદર મૂળ તત્ત્વ જે આત્મા છે તે સદા અખંડને અમર છે એટલે ભગવાને અર્જૂનને કહ્યું -

**ન જાયતે મ્રિયતે વા કદાચિન્**
**નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ**
**અજો નિત્યઃ શાશ્વતોઽયંપુરાણો**
**ન હન્યતે હન્યમાને શરીરે.**

(ગીતા-અ-૨-૨૦)

કે આત્મા તો અજન્મા છે. કેવો છે ? બોલો મૂળ સિદ્ધાંત યાદ રાખો અજન્મા છે. તો પછી જન્મે છે કોણ ? શરીર એટલા માટે શરીર જન્મે છે એટલે શરીર મરે છે. આત્મા તો પહેલાથી છે છે ને છે. તો જેમ આ ઘર બન્યું ને તો અંદર આકાશ તો પેલાથી છે છે ને છે. કે આકાશય આવ્યું ? બોલો ? આકાશ તો સમજો છો ને પ્લોટ, ખાલી પ્લોટ, ખાલી જગ્યા તો પેલાથી છે છે ને છે. પછી મકાન બન્યુ અને પછી તુટી ગયુ, તો શું આકાશ તૂટી જાય ?

**ભિન્ને કુંભે યથાકાશસ્તથાત્મા પરમાત્મનિ**
**તથૈવ જ્ઞાનિ જીવાત્મા પરબ્રહ્મણિ લીયતે.**

(શ્રી ગુરુગીતા)

જેમ ઘડો ફૂટી જવાથી ઘટાકાશ મહાકાશની અંદર ભળી જાય છે કોઈ દિ' મહાકાશમાં એનો આકાશનો નાશ થતો નથી. પોતાના મૂળ સ્વરૂપમાં ભળી જાય છે વળી પાછું ઘર બનાવો તો વળી પાછું ઘરમાં આવ્યું હોય એવું લાગે. વાસ્તવિક રીતે, આકાશ આવતું નથી ને જતું ય નથી. એમ આત્મા કોઈ દિ' જન્મતો નથી ને મરતો નથી તો 'મ્રિયતે' શબ્દ, તો શરીર છૂટે એમ સમજવાનું શું સમજવાનું ? બોલો કે શરીર છૂટે તો શરીર છૂટ્યા પછી કોઈ કહે છે આત્મા રહે છે ને કોઈ કે' નથી રે'તો. રે'તો એ કેવો છે ? કેમ છે ? શું છે ? એ બધું જ્ઞાન મને આપો એમ નચિકેતાનો અભિપ્રાય છે. કેવળ રે' છે કે નથી રહેતો એટલું જ જાણવું નહીં. રહે છે તો પછી કેવો છે ? કેવડો છે ? ક્યાં જાય છે ? શું ગતિ થાય છે ? બહેનો પૂછે છે ને કે -

**કાયા પડશે ને હંસો કયાં જઈ સમાશે,**
**એની ભાળવણી અમને દેજો, સંદેશો મારા..**
**બ્રહ્મનું સ્વરૂપ મારી નજરોમાં ના'વે,**
**એની ભાળવણી અમને દેજો, સંદેશો મારા..**

તો કાયા પડશે પછી હંસો કયાં જશે ? એ તો પછી પ્રશ્ન આવે પણ પેલા છે કે નહીં ? એ પ્રશ્ન પૂછયો. આ શરીર છૂટ્યા પછી અંદર કોઈ તત્ત્વ રહે છે કે નથી રે'તું. તો એ જાણવા માટે પણ અધુરું છે ? પછી કેવો છે ? એ જાણવું તો એ શું છે ? બોલો. એથી વધારે અધુરું છે કેમ કે આમાં વિશ્વાસની જરૂર છે. શેની છે ? બોલો ? શ્રદ્ધાની કેમ કે આંખે દેખાય એવું તત્ત્વ નથી નકર પૂછવું જ ન પડેને. જો આંખે દેખાય તો તમે શું કરી લો ? બોલો, નક્કી જ કરી લ્યોને બસ અહીં ગયો ને અહીંયા આવ્યાને પણ આ તત્ત્વ આંખે દેખાય એવું નથી. શું નથી ? બોલો એટલા માટે એ આત્મા કેવો છે ? તો -

**ક્રમશ...**

**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ચાતુર્માસ ૨૦૧૧, સુરત.**

**ગતાંકથી ચાલુ....**

હવે, વૃત્તિથી અવછિન્ન ચૈતન્ય અને વિષય અવછિન્ન ચૈતન્ય એક થાયને ત્યારે આપણને પદાર્થ દેખાય છે. અને પદાર્થ દેખાયને એ પેલા જ્ઞાન ચૈતન્યનું થઈ જાય છે જેમ સમજો કે આપણી સામે ઘટ પડયો છે તો દેખવામાં આવે ને તરત કહીએ કે શું છે ? તો કે' ભઈ, ઘડો છે. તો કેવી રીતે ઘડાનું જ્ઞાન થયું ? આંખથી જોયું ત્યારે. જો આંખથી ન જુઓ તો ? દેખાય ? આંખ બંધ હોય તો કહી શકાય ? નહીંને....આંખ બંધ હોય તો 'ઘડો છે' એવું કહી શકાતું નથી. તો આંખમાંથી એવું શું નીકળે છે કે જે પેલા ઘટ વિશેના અજ્ઞાનને દૂર કરી શકે છે. તો ધર્મરાજ અર્ધ્વરિદ્ર કહે છે કે આંખમાંથી એક વૃત્તિ નીકળે છે અને વૃત્તિ છે એ પ્રકાશરૂપ છે અને એ જે ઘડો છે એના ઉપર જાય તો ઘડા વિશેનું જે અજ્ઞાન છે એને દૂર કરે છે અને પ્રકાશીત કરે છે. જેમ લાઈટ થાય અને પ્રકાશ થતા જ અંધકાર દૂર થઈ જાય છે એમ વૃત્તિ આંખમાંથી નીકળીને ઘડા સુધી પહોંચે અને ઘડાનું જે અજ્ઞાન છે એ દૂર કરી દે છે અને ઘડાને પ્રત્યક્ષ કરી દે છે. તો ઘડાનો જે દ્રષ્ટા છે અંતઃકરણથી અવછિન્ન ચૈતન્ય જેને આપણે કહીએ છીએ પ્રમાતા એ પ્રમાતાને પ્રમેયનું જ્ઞાન થઈ જાય છે પ્રમાતા છે એ હંમેશા જ્ઞાન કરવાવાળો છે એને બધાનું જ્ઞાન થાય છે. જયારે જયારે જ્ઞાન થાય છે ત્યારે પ્રમાતા ચક્ષુ આદિ ઈન્દ્રિયો દ્વારા એ પ્રમાણથી પ્રમેયનું જ્ઞાન કરે છે અને ત્રણેયની અંદર જે ચૈતન્ય છે અને જયારે અંતઃકરણથી નીકળેલી વૃત્તિએ વિષય સુધી જાય ત્યારે ત્યાં એ એકઠી થઈ જાય. ત્યારે આપણને એ વિષયનું જ્ઞાન થાય છે. એટલે ચૈતન્યનો અભેદ છે એ જ પ્રત્યક્ષ છે એટલે પ્રત્યક્ષ એક માત્ર ચૈતન્ય છે. તો પરમાત્મા કયાં નથી ? બધી જ જગ્યાએ છે.

આપણા આચાર્યોએ એટલો સૂક્ષ્મ વિચાર કર્યો છે કે જે 'જડધિયઃ' એટલે જ જડ પદાર્થો ઉપર જ જે ચિંતન કરે છે એને કયારેય ચૈતન્ય દેખાવાનું ય નથી ને દેખાશે પણ નહીં. તે સંકેતથી દેખાય છે એટલે કહ્યું જ્ઞાનચક્ષુથી દેખાય છે. શર્મ ચક્ષુથી એ દેખાવાનું નથી.

**યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।**
**યતન્તોऽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્ય ચેતસઃ ॥૧૫॥**

(ગીતા)

ભગવાન કહે છે જે અચેતસ વ્યક્તિ છે એને કયારેય પરમાત્મા દેખાવાના નથી એ ભલેને પ્રયત્ન કર્યા કરે. કારણ કે પ્રયત્ન કરવાવાળો જે જોવા વાળો છે. એ કયારેય એ નથી વિચારતો કે જોવા વાળો છે એ કોણ ?

**મન તું અળગું કયાં અફળાય,**
**બીજો નથી બોલતો.**

બોલે છે એ કોણ છે ? એ પરમાત્મા છે જો એ ન હોયને તો બોલી શકાતું નથી કારણ કે વાયુનું અભિવ્યંગ્ય સહસ્રાર ચક્રથી થાય છે એટલા માટે.

પુષ્પદંતાચાર્યજીએ કહ્યું, ભગવાન ! તમારું આ જે સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવા રૂપ જે ઐશ્વર્ય છે એ ઐશ્વર્ય ઉપર મૂઢ અને જડધિય એટલે જડ ઉપર જ ચિંતન કરવાવાળા છે એ આક્ષેપ કરે છે એટલે જ સાંભળવાવાળા લોકોને એ આક્ષેપ બહુ સારા લાગે છે. જે લોકોને એ આક્ષેપ સારા લાગેને એને માટે અહીં પ્રયોગ કર્યો કે એ અભવ્ય છે. ઘણાં લોકો કહે છેને કે, 'સંસાર તો એની જાતે થાય છે એને કરવાવાળો કોઈ નથી. ભગવાન...ભગવાન હોય તો દેખાય નહીં તો આવું જેને સારું લાગતું હોયને અને આવી જે ટોળી એકત્રિત વધારે થાય ને આવું સંગઠન વધે તો એ સંગઠનની અંદર જે લોકો છે એ બધાને માટે પુષ્પદંતાચાર્યજી કહે છે, **'અભવ્યાનામ્'** એનું કયારેય કલ્યાણ નથી. કારણ કે કલ્યાણ ચૈતન્યના જ્ઞાનથી છે. ને એ ચૈતન્યને માનવા તૈયાર નથી. એ તો જડનો જ વિચાર કરે છે એનું કલ્યાણ કયાંથી હોય ! એટલે કે સાંભળવામાં જે રમણીય લાગે પણ છે રમણીય નહીં. આવી જે આક્ષેપ પૂર્ણ જે મિથ્યા તમારી ઉપર જે દોષ લગાવે છે એનો કયારેય ઉદ્ધાર થતો નથી. અચ્છા, એવા લોકો જે છે એ શું શંકા કરે છે, ભગવાન ઉપર ? એ પાંચમાં શ્લોકમાં બતાવે છે કે જે જડ પદાર્થ ઉપર જ વિચાર કરવાવાળા છે જેને જડ જ દેખાય છે, જેની મતિ જડ છે એવા લોકોને પરમાત્માની આ જે કૃતિ સંસાર એ સમજાતો નથી અને એ એટલા માટે સમજતા નથી કારણ કે એ સામાન્ય મનુષ્યની જેમ પરમાત્માને સમજે છે. હવે, આવા લોકો શું તર્ક કરે છે, શું પ્રશ્નો કરે છે ? એ પાંચમાં શ્લોકમાં-

**ક્રમશ...**

# સુખકર ઘડપણ (જીવન સંધ્યા)

હસમુખ પટેલ

**ગતાંકથી ચાલુ...**

પરિવારના અન્ય સભ્યો પ્રત્યે કરૂણાશીલ રહેવું. પોતે રાજી રહેવું અને કુટુંબના સભ્યોને રાજી રાખવા, વડીલોએ સૌમાં સ્નેહનું ઉંજાણ પૂરતા રહેવું.

**(૨) મીઠી વાણી બોલવી :** જીભ જેટલી મીઠી અને વિવેકી હોય એટલી જ સૌને સ્પર્શતી હોય છે. જીવનમાં જે જે કાંઈ તકલીફો ઊભી થાય છે તે જીભની કટુરતાથી જ થાય છે. માણસ લપસેતો માત્ર કેડ ભાંગી જાય છે, પરંતુ જો જીભ લપસે તો કેટલાયના હાકડા અને કેટલાયના ઘર ભાંગી નાંખે છે. હાડકા વિનાની જીભમાં કેટલાય હાકડા ભાંગી નાખવાની શક્તિ રહી છે. માટે આવી વાણીને વ્યાજબી વાણી વિલાસ વખતે એક સાવચેતી જરૂર રાખવી કે. મારા શબ્દો કોઈના ઘા માટે મીઠું બનશે કે મલમ ? કોમળ વ્યવહાર અને મધુરવાણી આપણા અન્યના જીવનને મધુરતાથી ભરીદે છે. જેટલી વાણીમાં મીઠાસ હશે એટલો જ કુટુંબના સભ્યોનો પ્રેમ પામીશું.

**(૩) મોટુ પેટ રાખતાં શીખવું :** વિશાળ હૃદય રાખવું ફરજિયાત છે. કુટુંબના સભ્યોમાં કાંઈક ચડભડ થાય, કોઈ બે શબ્દો બોલે કે કોઈ કહ્યું કરે કે ન કરે તો એને સહન કરી લેવું, હશે હશે ની **Let go** ની ભાવના રાખવી. બધાય મારી રીતે, મારા પ્રમાણે ચાલે મારા જેવાજ બને એવી અપેક્ષા રાખવી નહીં, બધાયની તાસીર, વિચારધારા. જુદી જુદી જ હોય એટલે દરેકને પોતપોતાની રીત પ્રમાણે જ વર્તવાની ઈચ્છા હોય છે. એવા સમયમાં મોટું પેટ રાખવું. દરેક વાતને ત્રાજવે તોલવી નહીં, ઊંમરમાં મોટાએ મોટા નહીં પણ જેને સર્વેનું બધું જ સમાવતાં આવડે એ જ ખરી મોટપ કહેવાય.

**(૪) દીકરા સાથે મિત્રભાવે વર્તો :** વયોવૃધ્ધ એટલે અનુભવોનો અખૂટ ખજાનો જરૂર છે પણ એનો અર્થ એવો નથી કે નાનાને કશું જ ખબર પડતી નથી. ઘરમાં સોળ વર્ષનાં દીકરા-દીકરી થાય પછી એમનાં પ્રત્યે માતા-પિતા તરીકેનું વર્તન બદલીને એક મિત્રતાભર્યું વર્તન રાખવું જોઈએ. દીકરાની કોઈ ભૂલ થાય તો તેને પ્રેમથી સમજાવવું. પ્રેમભર્યા શબ્દોમાં સમજાવશો તો જરૂર ભવિષ્યમાં તેઓ એવું વર્તન કરતા અટકશે. બાળકો આવેશમાં આવી જઈ કાંઈક બોલે તો સાંભળીને શાંત પડયા પછી પ્રેમથી તેને સમજાવવું.

**(૫) પુત્રવધુનો દીકરી તરીકે સ્વીકાર :** સાંસારિક જીવનમાં વડીલો પુત્રવધૂનો દીકરી તરીકે સ્વીકાર કરેતો જ સંસારનું ગાડુ આગળ નભે છે. જયાં સાસુ-વહુને બદલે મા-દીકરી શબ્દ આવી જાય ત્યાં વેર પ્રેમની ભીનાશમાં ભીંજાય જાય છે. કેટલાક વડીલો પુત્રવધુની નાની ભૂલને મોટી કરીને બધાની આગળ ગાતાં હોય છે. કયાંય આડકતરા મેણાં મારી, માર્મિક વચનો બોલી અન્યને ઉદેશીને પુત્રવધુને વાત સંભળાવતા હોય છે. ત્યારે વડીલો પોતાની શાન-ભાન ભૂલી જતા હોય છે કે. અમે ઘરના મોભી છીએ. ઘરમાં રહેલી પુત્રવધુ જ તમારી માંદગીમાં અને અંત અવસ્થામાં સેવા કરવાની છે. એ જ આપને સહારો આપવાની છે. જો એના પ્રત્યે દીકરી તરીકેનું વર્તન કરીશુ. માવતર તરીકેનો વાત્સલ્ય પ્રેમ વરસાવીશું તો પુત્રવધુ પણ દીકરી બની જશે અને એના હૃદયમાં સાસુ-સસરા મટી માતા-પિતાની સેવા કરવાની ભાવના પ્રગટશે.

**(૬) દીકરા-દીકરી-પુત્રવધુને એક આંખે જોવા :** વાર્ધક્યના આરે પહોંચતા વડીલોનો એક સહજ સ્વભાવ જોવા મળતો હોય છે. આખી જિંદગી દીકરાના ઘરનું જમે અને ઘર દીકરીનું ભરે, કપડાં દીકરાનાં, રહેવાનું દીકરાના જોડે અને ખેંચવાનું દીકરીનું. એમાંય મોટાભાગે મહિલાવર્ગમાં આ પ્રકારની વિચારધારા વધારે જોવા મળતી હોય છે. દીકરાના ઘરેથી ભેગું કરી કરીને દીકરીનું જ ઘર ભરવાની સહજ મનોવૃત્તિ આંતરિક રીતે છૂપાયેલી હોય છે. દીકરીનાં દીકરા-દીકરીઓને જુએ તો મારો ભાણો, મારી ભાણી એમ બોલી-બોલીને મોઢૂં ભરાઈ જાય. જયારે દીકરાનાં દીકરા-દીકરીને બોલાવતાં તો જાણે મોં સૂકાઈ જાતું હોય એવું લાગે. આવો વેરો-વંચોજ ઘરમાં વિક્ષેપ ઊભા કરતો હોય છે. માટે દીકરો હોય, પુત્રવધુ હોય કે દીકરી હોય ત્રણેયને અને એમના બાળકો બધાયને એક આંખે જોવા. બાળકો વચ્ચે પણ કયારેય ભેદભાવ ન રાખશો તો જ પરિવારમાંથી આદર પામશો નહીં તો વિવાદોનાં વમળોમાં અટવાઈ જશો.

**(૭) ભેદભાવ વૃત્તિ ન રાખો :** જો ઘરમાં બે દીકરા હોય અથવા તો દીકરી અને દીકરો હોય તો બંનેને ડાબી-જમણી આંખ જ સમજો એમાં કોઈ ભેદભાવ ન રાખશો. આ સારો અને આ ઠીક. એક હાથની પાંચ આંગળીઓ પણ એક સરખી હોતી નથી. બે માંથી એકનો પક્ષ લઈ. એકની બાજુ જ બોલીને બંનેમાં

અંતર પાડશો નહીં. બાપ-દીકરા વચ્ચે અંતર પાડશો નહિ. દીકરાઓના મિલકતની-ધંધાની વહેંચણીમાં પણ કોઈ પ્રકારની ભેદભાવવૃત્તિ ન રાખશો.

**(૮) ઘરની વાત ઘરમાં જ રાખો :** ગુજરાતીમાં કહેવત છે કે, **''ઘર તૂટે ઘર જાય''** એટલે કે ઘરની વાત ઘરના ઉંબરાની બહાર જાય એટલે પરિવારના સંપમાં તિરાડ ઊભી થાય જ. કેટલાકને દીકરાના ઘરની વાત દીકરીને કરવાની ટેવ હોય છે. વડીલોએ કામકાજમાંથી નિવૃત્તિ લઈ લીધી હોય અને બીજો કોઈ હાથવગો ધંધો ન હોય એટલે નવરા પડે આ ધંધો ચાલુ થઈ જાય, કેટલાકને ઘરમાં કાંઈક બન્યું હોય એ બહાર જઈને કહે નહીં ત્યાં સુધી ચેન ન પડે. ઘરમાં કાંઈક બન્યુંને આપણને સંતોષ ન થાય તો સાથે બેસીને એ વાતનો ખુલાસો કરવો, કેટલીક વાત નિખાલસ સંવાદના અભાવે ઘરમાં ઝઘડા ડખા ઊભા થતા હોય છે. કહેવા યોગ્ય બે શબ્દો કહેવા પણ ખરા, નહીં તો જેમ પહેલાં ફટાકડાંની દિવેટ સળગે પછી ધીરે ધીરે ફટાકડા ફૂટવા માંડે એમ આપણા સ્વભાવ ને કારણે ઘરમાં ફાટફૂટ થતી હોય છે.

**(૯) ભૂલને દાબવી, કાર્યને બિરદાવવું :** કેટલાક વયોવૃધ્ધની ટીકાખોર પ્રકૃત્તિ જોવા મળતી હોય છે. કાંઈ ના હોય તોય કાંઈકને કાંઈક ખાંચાતો કાઢ્યા જ કરે. ઘરમાં કદાચ બે હાંડલા ભેગા થાય તો ખખડે પણ ખરા, તેમ પરિવારમાં બધાયના સ્વભાવ-પ્રકૃત્તિ અલગ અલગ હોય છે. કદાચ કોઈનાથી ભૂલ થાય તો વધુ પડતી છતી કરી ચોળીને ચીકણી નહીં કરવાની. ટૂંકમાં પતાવીને પરિવારના સભ્યોની ભૂલને દબાવી દેવી કદાચ કંઈક ઠપકો આપવો પડયો તો એકલા આપો. બધાની વચ્ચે ઊતારી પાડવા નહિં, કોઈએ સારું કાર્ય કર્યુ હોય તો એનાં સારા કાર્યો માટે શાબાશી આપો, તેને પ્રોત્સાહિત કરો, બે-પાંચ વ્યક્તિ વચ્ચે કરેલા કાર્યને બિરદાવો. જીવન સંધ્યાએ બીજાની ભૂલોને ભૂલીને આનંદમાં રહેતાં શીખવું અને આપણી ભૂલને સ્વીકારી એને સુધારીને ચિંતા મુક્ત થવું તો જ આનંદમાં રહી શકાય.

**(૧૦) વાસ્તવિક જીવન જીવો :** વાસ્તવિક જીવન એટલે પારદર્શક જીવન. પારદર્શક જીવન એટલે જેવા અંદર એવા બહાર અને જેવા બહાર એવા જ અંદર. કેટલાક યુવાનો વડીલોના અવાસ્તવિક જીવન માટે ફરિયાદ કરતા હોય છે કે તેઓ ઘેર કંઈક જુદા હોય છે અને મંદિરમાં સંતો આગળ, મિત્રમંડળ આગળ જુદા દેખાતાં હોય છે. કેટલીક વાર આવા અવાસ્તવિક જીવનના પરિણામે યુવાપેઢી દૂર ભાગતી હોય છે. માટે હંમેશા વાસ્તવિક જીવનના હિમાયતી થવું.

**(૧૧) નડો નહીં તો સૌને ગમો :** નમીએ તો તે સહુને ગમીએ જ પરંતુ જીવન સંધ્યાએ નડીએ નહીં તો સૌને ગમીએ. આપણાં સ્વભાવ-પ્રકૃતિ કે ક્રિયાઓ કોઈને નડતરરૂપ થાય તે રીતે ન વર્તીએ. શક્ય હોય એટલા સ્વાવલંબી બનતાં શીખવું. પોતે જાતે કરી શકે એવા કામનો બોજો બીજા કોઈ ઉપર ન નાખવો. હવે હું ઘરડો થયો. વડીલ થયો એટલે મારી સઘળી સેવા કોઈએ કરવી જ જોઈએ આવી વૃત્તિને બહુ પાળવી પોષવી નહીં. પોતાની પથારી જાતે વાળવી. જાતે પાણી પીવું, એવા પોતાના જીવનનાં કાર્યો શક્ય હોય એટલાં જાતે કરવા. આ ઉપરાંત, ઘરનાં નાનાં-મોટાં કાર્યમાં પણ મદદ કરી કામનો બોજો ઓછો કરી શકાય. ટૂંકમાં, પરિવારના સભ્યોને આપણા વર્તનથી કોઈ પ્રકારની અડચણ કે દખલગીરી થાય કે બોજો રહે એવું જીવન ન જીવવું.

**(૧૨) વડીલપણું શોભાડવું :** માત્ર સફેદ વાળ આવવાથી, ઉંમર વધવાથી કે દાદા-દાદી બની જવાથી વ્યક્તિ **''વડીલ''** બની જતી નથી. વડીલે જીવનની વિવિધ સ્થિતિએ, તડકો-છાંયડો, ઉત્થાન-પતન, ભૂલ-પશ્ચાત્તાપ, આબાદી-બરબાદી વગેરેની અનુભૂતિ કરી હોય છે. પરિણામે તેમના નિર્ણયમાં પરિપક્વતા, વર્તનમાં ગંભીરતા, આચરણમાં પવિત્રતા અને સ્વભાવમાં મીઠાશ સહેજે ઝરતી હોય તો જ વડીલોનું વડીલપણું શોભે છે. જો ઉંમરની સાથે સાથે આંતરિક સમજણ, વિવેક અને ઠરેલપણું કેળવ્યું ન હોય તો ઉંમરલાયક હોવા છતાં **''બાલિશ''** છે. કારણ ઉંમરને શોભે તેવા પરિવર્તનને એ પામ્યા નથી. વડીલ જીવનમાં વટ, હઠ, જીદ, દુરાગ્રહ, હઠાગ્રહથી **પર** થવાય ત્યારે જ વડીલપણું શોભે છે. વડીલના જીવનમાં કાચી કેરીની ખટાશ નહીં પરંતુ પાકી કેરીની મીઠાશ હોવી જોઈએ. જીવન સંધ્યાએ સંસારથી વિરક્ત થઈ પ્રભુ-પરાયણ અંગ થાય ત્યારે જ ખરું વડીલપણું શોભે છે.

ઘણા વ્યક્તિ નિવૃત્તિ લઈ લીધા પછી સમય ક્યાં પસાર કરવો એની ચિંતામાં હોય છે, એટલે ગમે ત્યાં સમયનો વ્યય કરતા જોવા મળે છે. ગામના ચોરે, ઓટલે-બસ સ્ટેન્ડ કે પાનના ગલ્લે વ્યર્થ સમય પસાર કરતા જોવા મળે છે. અથવા તો ઘરબેઠા ટી.વી.ની ચેનલો ફેરવ્યા કરે, જગત બધાની વાતોનો એઠવાડ ફેંદતા હોય છે. ન વાંચવા જેવા પુસ્તકો કે ન વાંચવાનું

સાહિત્ય સમય પસાર કરવા વાંચતા હોય છે. આ બધા સુખના ઉપાય નથી પણ દુઃખી થવાના ઉપાય છે.

એકબાજુ સદ્‌ગુણોનું સુવાસિત નિર્મળ નીર ભરેલું છે ને બીજી બાજુ અવગુણોથી ગંધાતો કાદવ ભરેલો છે. એ બંને વચ્ચે થઈને માનવજીવનની પગદંડી જઈ રહી છે. ત્યાંથી પસાર થતા કેટલાક સજ્જનો સદ્‌ગુણો લઈ લે છે અને દુર્જન માણસો અવગુણ મેળવે છે. હવે સજ્જન બનવું કે દુર્જન તે આપણા હાથમાં છે.

અભાવ, અવગુણ અને દ્રોહથી બચવા માટે જીવન સંધ્યાએ અખંડભજન અને પ્રાર્થના એક ટોનિકનું કામ કરે છે. પ્રાર્થનાથી હૈયું કોમળ બનતું જાયને અભાવ-અવગુણની પ્રપંચી દુનિયાથી છુટકારો મળતો જાય.

આપણા આ દેહનો કોઈ નિર્ધાર નથી. એ તો આજ છે ને કાલે નથી. ક્ષણભંગુર છે. એમાં જે ખરું કરવાનું છે તે રહી ન જાય તે માટે જતો "કરોડકામ બગાડીને એક મોક્ષ સુધારી લેવો, કરોડ કામ સુધર્યાને એક મોક્ષ બગાડયો તો બધુ બગડયું, જયારે કરોડ કામ બગડયાં પણ એક મોક્ષ સુધર્યો તો બધુ સુધર્યું..." મોક્ષ એટલે **સર્વોપરી.** આધ્યાત્મિક માર્ગનું મૂલ્ય સમજાય અને એના માટે દોટ મૂકે તેને જ ભક્ત કહેવાય.

આદર્શ વડીલ તરીકેનું જીવન જીવતાં, અત્યારના સમયે કેવી રીતે જીવન જીવવું એ માટે લેખ દ્વારા મિત્રો પ્રયાસ કરેલ છે. જે અનેક વડીલોને જીવન જીવવા માટે દીવાદાંડી બની રહેશે. તેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે. ભવિષ્યમાં જીવન સંધ્યાના આરે પહોંચનાર યુવાનો પણ આ લેખ વાંચન-મનનથી પોતાના જીવનની સાચી દિશા મેળવી શકશે. ઘરમાં બધા વડીલો, બહેનો, ભાઈઓ, શાંતિથી વાંચીને સાચી દિશા મેળવશો તેવી આશા.

જીવનસંધ્યાએ આપણું તન, મન, ધન સર્વસ્વ ભગવાનના ચરણોમાં ધરી જીવ ના જીવન સાથે લગ્ન કરવા કૃતનિશ્ચયી બનીએ તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ.

જીંદગીમાં દરેક ખુશી મળે તેવી શુભેચ્છા સાથે..... **જય શ્રી કૃષ્ણ...**

**સમાપ્ત...**

## બાળ કેળવણી

**રજુ. – લવજીભાઈ કે. સવાણી (નાવડા)**

લગભગ બધા જ મા-બાપની મુઝવણ હોય છે કે, બાળકોને કેવી રીતે કેળવવા ? સારી શાળાઓમાં મૂકવાથી આ પ્રશ્ન હલ થઈ જતો નથી, કારણ કે કારકિર્દી કરતા જીવનનું શિક્ષણ મહત્ત્વનું હોય છે. આપણે બાળકને કઈ બાબતોનું શિક્ષણ આપવું જોઈએ. એ વિશે થોડી વાત કરીએ. બાળકોને મૂળભૂત રીતે જરૂરી એવા શિક્ષણની વાત કરીએ. બાળક ગમે તેટલું ભણે પણ એનામાં જીવનનાં જરૂરી મૂલ્યો વિશેની સમજણના કેળવાય તો એની કોઈ કિંમત નથી, આથી જ હું અહીં બાળકમાં જરૂરી એવાં મૂલ્યોના ઘડતર વિષે મહત્ત્વની વાત કરવા જઈ રહ્યો છું. રોટલો કેમ રળવો તે નહીં પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તેનું જ્ઞાન આપે તે જ ખરી કેળવણી.

બાળક, ઈશ્વરનું વરદાન છે કે ઈશ્વરનું સ્વરૂપ છે, એ ખરું પણ એ વાત કયારે સાર્થક થાય ? જો આગળ જતાં બાળકનું જીવન જીવનને લાયક બને તો જ ને ? બાળક પ્રેમ શીખે, આદર શીખે, મહેનત શીખે, મદદ કરવાનું શીખે, સન્માન અને સ્વમાન શીખે અને એ રીતે જીવંત કારકિર્દીનું ઘડતર કરે તો તેનું ઘડતર થયું કહેવાય, ચાલો, એવા ઘડતર તરફ પ્રયાણ કરીએ.

બાળકને એવી પરપરા અને એવી વ્યવસ્થા પૂરી પાડવી જોઈએ કે તે ઘરમાંથી એજ્યુકેશનની (ભણતર) શરૂઆત કરી શકે, ઘરમાં દરેક સભ્યો આ માટે જાગ્રત થાય તે જરૂરી છે. માત્ર મા-બાપની જ નહીં પણ એનાં દાદા-દાદી સુધીનાં દરેકની આ જવાબદારી છે.

(૧) પહેલી વહેલી જે કેળવણી બાળકને આપવાની છે તે છે દરેક માણસની કિંમત કરવાની કેળવણી, આ જગતમાં રહેલા દરેક માણસનું સન્માન કરવું જોઈએ. નાનો માણસ હોય કે મોટો, એ ગરીબ હોય કે અમીર, માનવને માનવીય સંવેદનાઓથી જ નેતા શીખે એવું શિક્ષણ બાળકોને આપવાની જરૂર છે. માણસ માત્રનો આદર કરવાની સમજણ જો બાળકમાં કેળવાશે તો તે કદી ક્રૂર બનશે નહીં. તે ગમે તેટલો મોટો બની જશે, પણ તેનામાં નાના માણસો પ્રત્યે આદર, સન્માન અને પ્રેમ રહેશે. જે તેને જીવનની સફળતા અપાવશે.

# પરમાત્માને જાણો

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

પરમાદરણીય પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના ઓઝરાળા આશ્રમમાં કથા પ્રસંગ આધારિત.

કૈવલ્યોપનિષદમાં કહ્યું છે કે મનુષ્ય જન્મ સફળ ક્યારે થઈ શકે ? જો આ લોકમાં-સંસારમાં આવ્યા પછી પરમાત્માને જાણ્યા ઓળખ્યા અને પોતાના સ્વરૂપને જાણ્યા તો મનુષ્ય જન્મ સફળ થયો કહેવાય. વેદો કહે છે કે પોતાના સ્વરૂપને જાણો અને જો પોતાના સ્વરૂપને જાણવામાં ન આવે અને પરમાત્માને જાણ્યા ઓળખ્યા નહીં તો તો બોલો નુકસાન ખરૂ ? હા, મહાનમોટો વિનાશ એ મોટું નુકસાન છે. જેમ દાદર ચડતાં ચડતાં છેલ્લે એક પગથિયું રહે ને પડે તો બોલો શું થાય ? અને મનુષ્ય જન્મમાં ચુકી ગયા તો ચોરાશી લાખ જન્મમાં પડવાનું એ મોટામાં મોટું નુકસાન છે. શેના માટે મનુષ્ય શરીર મળ્યું ? ચોરાશી લાખ જન્મમાં પડવા માટે કે મુક્ત થવા માટે શરીર મળ્યું છે. તો સારું શું ? ચોરાશી લાખ જન્મમાં ભટકવું સારું કે એનાથી છૂટવું સારું ? બોલો.

**દ્રષ્ટાંત :–** પંચીકરણમાં એક દ્રષ્ટાંત આવે છે. એક નગર હતુ તેને ફરતો એક કિલ્લો છે. એ કિલ્લાને એક જ દરવાજો છે. નગરમાં જવું હોય તો એજ દરવાજાથી જવાય અને બહાર નીકળવું હોય તો એજ દરવાજેથી નીકળાય. હવે એક સુરદાસજી હતા તે કહે મને નગરમાં જવું છે. તો એક વ્યક્તિએ તેમને નગરમાં મૂકી દીધા. હવે સુરદાસજી લાકડીના ટેકે જાય છે. તો નગરમાં કાદવ કીચડ હોય તેમાં પડે અને કાંટા કાંકરા વાગે છે એટલે સુરદાસજી દુ:ખી થાય છે. પછી સુરદાસ કહે આના કરતાં તો બહાર સારું હતું. મને અંદર તો લાવ્યા પણ હવે કોઈ બહાર નીકળવા માટે કોઈ નવરા નથી. કોઈ વ્યક્તિએ રોતા કકળતા જોયા  તો કહે શું કામ છે ? તો મારે બહાર નીકળવું છે. તો એક ભાઈએ કિલ્લાની દીવાલ પકડાવી દીધી અને કહ્યું સુરદાસજી આ નગરમાં એક જ દરવાજો છે. તો દીવાલ પૂરી થાય ત્યાં દરવાજો આવશે. એટલે બહાર નીકળી જવાશે. હવે સુરદાસ દીવાલ પર હાથ રાખતા રાખતા ચાલે છે. જ્યારે દરવાજો આવ્યો ત્યાં સુરદાસજીને ખંજવાળ આવી. એટલે હાથ છુટી ગયો અને ચાલવાનું ચાલું રાખ્યું. ખંજવાળ પૂરી થઈને દરવાજો જતો રહ્યો અને હાથ મૂક્યો ત્યાં દીવાલ આવી. વારંવાર આવું જ થાય છે એટલે સુરદાસજી થાકી ગયા. જયાં દરવાજો આવે ને ખંજવાળ આવે ને ચાલવાનું ચાલું રાખે. એટલે દરવાજો જતો રહે. ત્યાં એક સંત આવ્યા તેમણે કહ્યું. સંતે સુરદાસને બહાર કાઢવા માટે આ તો પંચીકરણ માંનું આ દ્રષ્ટાંત છે જેમ એક નગર છે એને ચારે બાજુ કિલ્લો છે. એક દરવાજો છે એમ આ સંસારરૂપી નગર છે ચોરાશી લાખ જન્મ એ કીલ્લો છે. અને મનુષ્ય જન્મ એ દરવાજો એક છે. જીવને એમ થયું કે આ સંસારમાં બહું સારું છે. ભગવાનની કૃપાથી કીલ્લોએ સંસારમાં આવી ગયો. સંસારમાં માયારૂપી કાદવ કીચડ છે. જયાં સુધી જીવ બુદ્ધિથી મોહરૂપી કાદવ કીચડમાંથી નીકળે નહીં ત્યાં સુધી સુખની પ્રાપ્તિ થશે નહીં. સંસારનું સુખ એ ક્ષણિક છે. જેમ જમવાની મજા આવીને જતી રહી, ટીવી જોવાની સુવાની મજા આવીને જતી રહી એમ ક્ષણિક છે. માયાનું સુખ આવવા-જવાવાળું ક્ષણિક છે.

**''યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ ।**
**તદા ગન્તાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચા ॥**
**માત્રા સ્પર્શાસ્તુ કૌન્તૈય શીતોષ્ણસુખદુ:ખદા ।**
**આગમા પાયિનોऽનિત્યાસ્તાંસ્તિક્ષસ્વ ભારત ॥''**

એમ આ ક્ષણિક સુખ ઝાંઝવાના નીર જેવું છે. એમ વિષયનું સુખ કહેવા પૂરતું છે. એ મળવાવાળું નથી. જીવને છોડવું ગમતું નથી. ભર્તુહરિ રાજાએ કહ્યું કે જગતના જીવો મોહરૂપી મદીરા પીને એવા પાગલ થયા છે તેથી ભાન ભુલી ગયા છે. જયારે જીવનો વિનાશ થવાનો હોય ત્યારે આવું સુઝે છે. સોનાના મૃગ પાછળ રામચંદ્રજી દોડયા છે. સોનાના મૃગનો જન્મ થવો અસંભવ છે. છતાં રામએ મૃગ પાછળ લોભાણા. તેથી સીતા માતાનું હરણ થયું. રામચંદ્ર અને સીતામાતા દુ:ખી થયા છે. અહીં સુરદાસને કોઈ સંતે બહાર કાઢયા ત્યારે સુખી થયા છે. એમ આ ચોરાશી લાખ જન્મમાં ભટકતા ભટકતા મનુષ્ય જન્મ મળ્યો છે. મનુષ્ય જન્મ એક દરવાજો છે. દરવાજો મળ્યો ત્યારે જીવને વિષય સુખ લેવાની ખંજવાળ આવી છે. સંસારમાં વિષયોનું સુખ એ ખુજલી જેવું છે. ભગવાને પ્રહલાદજીને માગવાનું કહ્યું તો પ્રહલાદજીએ શું માંગ્યુ કે મને કોઈ પણ વસ્તુ માગવાની ઈચ્છા જ ન થાય.

**''અમૃતરસને ઢોળી દઈને વિષ હળાહળ પીધું રે,**
**સંસારી જીવે પ્રભુ સાથે હે ન કીધું.''**

આત્માનો આનંદ અમૃત સમાન છે. ઈન્દ્રિયોનું વિષયોનું સુખ એ ઝેર જેવું છે. ખંજવાળ આવે એટલે આ મનુષ્ય શરીર છૂટી જાય. એમ પછી પાછળ ચોરાશીલાખ જન્મમાં પડે છે. જીવને કોઈ સાચા સદ્‌ગુરૂ મળે ને સાચું સમજાવે ત્યારે જીવ પરમાત્માના સુખને પ્રાપ્ત કરી શકે છે. સદ્‌ગુરુ સમજાવે પણ આપણે લઈએ નહીં તો કોનું બગડે ? સદ્‌ગુરુની કરૂણા વગર વિષયો છોડવા બહુ કઠિન છે. એવું શાસ્ત્રકારો કહે છે. જયાં સુધી તત્ત્વજ્ઞાન ન થાય ત્યાં સુધી સહજ અવસ્થા કે જે સમાધિ ધ્યાતા

ધીર ધૈર્ય સહજ સમાધિમાં કંઈ પણ બંધ કરવાની જરૂર નથી. સહજ રીતે શ્વાસોશ્વાસ ચાલે છે. સહજ સમાધિ લાગી જાય આ સદ્દગુરુની કરૂણા વગર થઈ શકતું નથી. છૂટવું સારું પણ બહું કઠિન છે.

**''સહજ સમાધિ લાગી મળિયા સંત સોહાગી,**
**જ્ઞાનની જયોતિ જાગી મળિયા સંત સોહાગી.''**

બધા મહાપુરુષો જ્ઞાની પુરુષો દરેક ભૂતોમાં પરમાત્મા બિરાજમાન છે. આપણને અમૃતત્ત્વ પ્રાપ્ત કરવા માટે આ મહાન મોટો માનવ જન્મ મળ્યો છે.

**આવો રૂડો અવસર પ્રાણી તને નહીં મળે રે,**
**જો ચુકીશ તો ચોરાશીનો ફેરો થાશે રે...આવો...**

ભૂખ લાગે તો પીરસેલું કામ આવે એમ જો પ્રેમ હશે તો ભાવ હશે તો સંત આપ મેળે પધારશે.

# સુખ શોધો દુઃખ છોડો

દિનેશ એન. લાઠિયા
(જરીયા)

માણસ માત્રને દુઃખ શોધતા વધારે આવડે છે. સુખ તો હોય તો પણ નથી દેખાતુ કારણ કે આજના માણસે ભૌતિક ચીજ-વસ્તુઓના ઢગલાને સુખ માની લીધુ છે જેટલો એનો પ્રચાર અને પ્રસાર વધારે થાય એમ અંદરથી એ ફુલાય. પણ ફુગ્ગા તો ફુલવા અને ફુટવા માટે જ સર્જાતા હોય છે. ઘણીવાર બહારથી ભર્યો-ભાદર્યો દેખાતો માણસ ભીતરથી ખાલી ખમ હોય છે.

માણસની મથામણની દોડ પુરી થઈ જાય, જેટલી ગઈ એટલી રહી નથી. એ પછી જ સુખ કે દુઃખ શેમાં છે એવું સમજવાની શરૂઆત થાય છે બહું ઓછા લોકો એવા અંદરથી જાગી ગયેલા વિરલાઓ જ 'અંતર્યાત્રા'ની શરૂઆત કરે છે. બાકી આપણા જેવા તો અંત સુધી તંત મુકતા જ નથી. માણસ ઠોકરથી જ ઘડાય એ વાત સો ટકા સાચી. આધ્યાત્મિક લોકો કહેતા હોય છે. સુખ વહેચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે. માણસ પોતાના દુઃખને ખંખેરતા શીખે અને સુખમાં બધાને ભાગીદાર બનાવે તો પછી ગમગીન થવાનો વારો નથી આવતો. જો કે સુખ દુઃખની વ્યાખ્યા માણસે માણસે અલગ-અલગ હોય છે બીજા લોકોની તુલના કરી પોતે ભૌતિકતાની ભરમાળ વચ્ચે પણ 'ખીલીપો' પજવતો હોય. સવાલ એ થાય છે કે સુખી કોને ગણવો અને કોને કહેવો. આંખમાંથી ટપકતા આસુઓનો રંગ ભલે એક હોય પણ એની ભાષા અલગ-અલગ હોય છે. એને સાંભળવા માટે કાન ન ચાલે. દ્રષ્ટિ જોઈએ. સુખ દુઃખનું પણ લગભગ આવું જ છે. સુખ કહેવાતા માણસનું દુઃખ સાંભળીને ચોંકી જવાય છે અને ઉપરથી અને સ્વભાવથી દુઃખી લાગતો માણસ અંતરથી સુખી હોય છે એની પાસે જો છે એ એના હૈયાને ટાઢક આપે છે અને એટલે જ કહેવાય છે કે જેની પાસે માત્ર રૂપિયા સીવાય કશું જ નથી એ સૌથી મોટો ગરીબ. સુખને વિખેરવાનો આનંદ અનેરો હોય છે. આનંદ તમે એકલા માણો અને બીજાને વહેચો તો વહેંચનાર અને વેચનાર બન્નેને સુખ મળે છે. પછી એ ચીજ-વસ્તુ હોય ગમે તે ક્રિકેટની જેમ એકલો જુઓ અને સમુહમાં જુઓ હર્ષોલ્લાસનો અનુભવ આપણને સૌનો છે. ભજન-કિર્તન, મોજ મસ્તી, સંગીત મહેફીલ, કથા વારતા આ તમામમાં બાળક બને તો જ અસલી રંગત જામે જો આતમરામને પ્રસન્ન કરવો હોય તો એની ગુરૂચાવી છે બીજાને ઉપયોગી બનવું. ધાર્મિક કાર્યની અંદર બધાને સહભાગી થવું. આપણી આસપાસ એવી ઘણી ઘટનાઓ બનતી હોય છે. જેમાં આપણા ઉમેરાવાથી આનંદ વધતો હોય. કયાય દુર જવાની જરૂર નથી દવાખાનું જ જોઈલો. દર્દીઓના અપરિચીત સગા-વ્હાલાઓ જોડે કેવો દિલનો નાતો બંધાઈ જાય છે. ચાથી લઈ ટીફીન સુધીની લેતી-દેતી થતી હોય છે પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓના મા-બાપો સ્કુલના મેદાનમાં કે જાડની નીચે એક બીજા સાથે આખો જન્મારો વહેંચતા હોય છે દરેકને એકબીજાની વાત કહેવાની ઉતાવળ હોય છે. આ તમામ સ્થળોએ માણસની માણસાઈ હાજરા-હજુર હોય છે આવા બધા આનંદ ધામ, સુખધામ, આપણી અંદર જ છે પણ આપણે એ તરફ મન વાળવાનું છે બહું દૂર પણ જવાનું નથી હોતું. સાચા ભાવથી મનને સારથી બનાવીએ તો એ તરફની યાત્રા બહું કઠીન બાકી દુઃખને પંપાળવાથી તો એ આપણા પર ચઢી બેસે. દુઃખ અને વિઘ્નો તો સૌના જીવનમાં હોય. એનો સામનો કરવો કે એનું સમાધાન એ આપણા ગુરૂના સત્સંગથી સમજાય છે બાકી બીજા બધા તો ઉઠાં ભણાવવામાં પાવરધા હોય છે.

સુખ દુઃખની બાબતમાં વસંત અને પાનખર જેવું છે. દરેક રાજા એક સમયે રડતો બાળક જ હોય. કુદરતને તથા પરમ ચૈતન્યને માનતા હશો, રંગોમાં ઉમંગોમાં ઉમેરાઈ જતા હશો તો તમારી જિંદગી નંદનવન લાગશે. બાકી આખી જીંદગી હાય..હાય...કે બળતરા કરીને જીવવાનો કે મરવાનો શું મતલબ ? આવું કરનાર લોકોની જીંદગી નંદનવનને બદલે સહરાનું રણ બની જાય છે. **મોંઘો મનુષ્ય દેહ નહી મળે વારંવાર** એટલે જે મળ્યો છે એ દેહને કમ સે કમ ચીંથરેહાલ તો ના કરીએ. મરો ત્યાં સુધી સારું જીવન જીવો તો ખરા. માટે સદ્દગુરૂનાં શરણે જઈ સાચા સુખની પ્રાપ્તિ કરી જન્મ મરણનું દુઃખ ટળે એવી સદ્દગુરૂ પરમાત્માને પ્રાર્થના કરીએ.

# કડવું સત્ય બોલનારા સ્પષ્ટ વક્તા શ્રીકૃષ્ણ

પ્રવિણભાઈ ડી. સુતરીયા
ચમારડી

પવિત્ર શ્રાવણ માસમાં જન્માષ્ટમીનો તહેવાર આવે છે. જેમ જેમ શ્રીકૃષ્ણને સમજવાનો પ્રયત્ન કરીએ તેમ તેમ એમની નવી નવી વિશિષ્ટતાઓ પ્રગટ થતી જ રહે છે. પરિણામે એમને પૂર્ણાવતાર કહેવાનું તાત્પર્ય સમજાતું જાય છે. આવી સર્વતોમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ પૃથ્વી પર બીજો થયો નથી. શ્રી કૃષ્ણ વિશે કશુંક અવનવું જડે ત્યારે હૈયુ ભીનું થાય છે. શ્રીકૃષ્ણને મંદિરમાં નહીં, હૃદયના ઊંડાણમાં શોધવાના છે. એ શોધ જીવનભર પૂરી થાય તેમ નથી. આવી મધુર શોધ સૌના નસીબમાં કયાંથી ? શ્રીકૃષ્ણ મધુર હતા અને પરિસ્થિતિનો તકાજો હોય ત્યારે અમધુર પણ થઈ શકતા હતા. વ્રજકિશોર શ્રીકૃષ્ણ મધુરાધિપતિ હતા, પરંતુ દ્વારકાધિશ શ્રીકૃષ્ણ થોડા જુદા હતા. આજે એવા વિશિષ્ટ શ્રીકૃષ્ણનો મહિમા કરવાનો ઉપક્રમ છે.

તમે ગોળગોળ અસત્ય ઉચ્ચારીને થોડાક વધારે પૈસા કમાઈ ખાનારો કૃષ્ણ ભક્ત વાણિયો જોયો છે ? ગોતવા જવું પડે તેમ નથી. આજની આખી દુનિયા વાણિયાની જેમજ લેવડ-દેવડમાં રમમાણ છે. ગઈકાલની દુકાન વિરાટ બની ગઈ છે અને એનો નવો અવતાર મલ્ટી-નેશનલ તરીકે ઓળખાઈ છે. વિરાટ છેતરપિંડીને માર્કેટિંગ સ્કિલ કહેવામાં આવે છે. પૃથ્વી પર શ્વાસ લેનારી સમગ્ર મનુષ્યતા બજારમય બનીને જાણે તાણયુક્ત નાગદમન કરી રહી છે, શ્રીકૃષ્ણ માનવ કલ્યાણને ભોગે મધુરતા જાળવનારા યુગાવતાર ન હતા, તેઓ દુકાન પર નહીં, સુકાન પર બેઠા હતા. એમની સામે ધર્મની સંસ્થાપના કરવાનો સ્પષ્ટ એજન્ડા હતો. શ્રીકૃષ્ણે કડવી ભાષા કયારે કયારે પ્રયોજી ? એક ઘાને બે કટકા કરનારા કેટલાય શબ્દો શ્રીકૃષ્ણે બેધડક કહ્યા છે. એણ યાદગાર શબ્દો આજે વહેંચવા છે. સાંભળો પ્રાર્થનામય ચિત્તે !

દુર્યોધન સાથે સમાધાનની શક્યતા શોધવા માટે વિષ્ટિ કરવાના હેતુથી જયારે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર તરફ પ્રયાણ કરે ત્યારે દ્રૌપદી તેર તેર વર્ષના વનવાસ પછી ભારે દુઃખી હતી. એને વહેમ પડે છે કે શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવામાં સફળ થાય તો પોતાની પ્રતિશોધનું શું ? એ પ્રસંગે દ્રૌપદીનાં આસું વહેતાં થાય છે અને શ્રીકૃષ્ણ એને આશ્વાસન આપીને જે શબ્દો ઉચ્ચારે છે તે ઊના ઊના લાવારસ જેવા જણાય છે. શ્રીકૃષ્ણ દ્રૌપદીને કહે છે :

હે યાજ્ઞસેની ! કાળનો કોળીયો થવા તત્પર એવા કૌરવો જો મારી વાત નહીં સાંભળે તો ભોંય ભેગા થશે અને હણાઈને કૂત્તરા તથા શિયાળનો આહાર થશે. હે દ્રૌપદી હિમાલય પર્વત પોતાની જગ્યા છોડે, પૃથ્વીના સો ટુકડા થાય અને નક્ષત્રો પૃથ્વી પર તુટી પડે, તો પણ મારૂં વચન નિષ્ફળ નહી જાય. (મહાભારત ઉદ્યોગપર્વ, અધ્યાય-૮૦, શ્લોક-૪૭/૪૮)

શું વિરોધમય પરિસ્થિતિમાં જ સ્પષ્ટ વક્તા બનવાની જરૂર પડે કે ? જો તમે સત્યના પક્ષે રહ્યા હો, તો એ પક્ષના ટેકામાં ન બોલીને સારા દેખાવાનો પ્રયત્ન કરો તો જૂઠા જ છો એમ માનવું. આવા ઢીલા ઢીલા, વીલા વીલા અને નિર્વીય માણસો સમાજમાં ભારે બહુમતીમાં હોય છે. આવી "નિસ્તેજ પ્રામાણિકતા" દુર્જનને ભારે મદદ પહોંચાડે છે. શ્રીકૃષ્ણ પક્ષપાતના પરમેશ્વર છે અને તેથી ધર્માનુસારી પાંડવોનો પક્ષ લેનારા છે, પક્ષ લેવામાં દિલચોરી કરનાર લલ્લુ તટસ્થ નથી હોતો કારણ કે તટસ્થ હોય તેણે "સત્યસ્થ" બનવું જ પડે. શ્રીકૃષ્ણ પાંડવોને ટેકો આપે તે કેવો સોલિડ ? શ્રી કૃષ્ણે દુર્યોધનને એના જ ભવનમાં અને એની સામે બેસીને જે શબ્દો કહ્યા તે સાંભળો,

**જે પાંડવોનો દ્વેષ કરે છે,તે મારો પણ દ્વેષ કરે છે,**
**જે પાંડવોને અનુકૂળ છે,તે મને પણ અનુકૂળ છે.**
**ધર્માનુંચરણ કરનારા પાંડવો સાથે**
**હુ એકરૂપ થઈ ગયો છું.**

(ઉદ્યોગપર્વ-અ-૮૯-શ્લોક-૨૮)

મહાભારતનાં યુદ્ધમાં કર્ણનાં રથનું પૈડું જમીનમાં પેસી ગયું ત્યારે એ અર્જુનને યુદ્ધધર્મના નિયમને ધ્યાનમાં રાખીને થોડીકવાર થોભી જવાનું સૂચન કરે છે. એ વખતે શ્રી કૃષ્ણ કર્ણને મણમણની સંભળાવીને કડવા વેણ ઉચ્ચારે છે.

હે કર્ણ ! તે જયારે દુર્યોધન, દુઃશાસન અને શકુનિ સાથે મળીને (રાજ સભામાં) એક વસ્ત્રા પાંચાલીને સભામાં બોલાવી ત્યારે તને ધર્મ યાદ આવ્યો હતો ?

હે કર્ણ ! જયારે રાજસભામાં રજસ્વલા દ્રૌપદીને તેં જોઈ ત્યારે તું હસતો હતો. એ વખતે તારો ધર્મ કયાં ગયો હતો. (કર્ણ પર્વ, અ-૬૭-શ્લોક-૨)

"ભગવદ્ગીતા"નો ઉપદેશ કરતી વખતે પણ યોગેશ્વર શ્રીકૃષ્ણ આખા બોલા રહ્યા હતા. તેઓ મધુરાધિપતિ હોવા ઉપરાંત "અખિલાધિપતિ" પણ હતા. આવા અખિલેશ્વર પોતાના વિભૂતિતત્ત્વનાં ટુંકડા થવા દે ખરા ? અર્જુનને યુદ્ધ માટે તૈયાર કરવામાં તેમણે કોઈ જ કચાશ ન રાખી તેથી જ તો વિશ્વને ભગવદ્ગીતા પ્રાપ્ત થઈ. શ્રી કૃષ્ણ જો "ઘરડા વ્યવહારૂં" હોત તો ! તો એમનો એજન્ડા ત્યાંજ સમાપ્ત થઈ ગયો હોય. તેઓ અર્જુનને સાફ શબ્દોમાં

કહે છે.

**તસ્માત્ત્વમુત્તિષ્ઠ યશો લભસ્વ,**
**જિત્વા શત્રૂન્ ભુઙ્ક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્ ।**
**મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ**
**નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ ।।**

(ગીતા : અધ્યાય-૧૧-શ્લોક-૩૩)

હે સવ્યસાચી ! તું ઊભો થા અને યશ પ્રાપ્ત કર. મેં જેમને પહેલેથી જ હણેલા છે, તેને મારવામાં તું માત્રનિમિત્ત રૂપ બન.

મહાભારતના યુદ્ધમાં દુર્યોધન હણાયો ત્યારે અંતિમ ક્ષણે શ્રીકૃષ્ણને ભાંડવા માડયો, શ્રીકૃષ્ણે દુર્યોધનને કઠોર વચનો કહીને શાંત પાડી દીધો.

હે નિલેજ્જ દુર્યોધન ! જયારે દ્યુતસભામાં રજસ્વાલા દ્રૌપદીને ખેંચી લાવવામાં આવી ત્યારે જ તારો વધ કરવો જોઈતો હતો. (શિલ્પ પર્વ-અ-૬૦-શ્લોક-૪૩)

શ્રીકૃષ્ણે સૌથી કડવા શબ્દો કયારે ઉચાર્યાં ? આવા શબ્દો એમણે ગાંધારી સામે ઉચાર્યા છે. ગાંધારીના બધા પુત્રો યુદ્ધમાં મૃત્યુ પામ્યા તેથી જે અતિ વ્યાકુળ હતી. એ પોતાનો બધો ગુસ્સો ઠાલવીને શ્રીકૃષ્ણને શાપ આપે છે. “હે મધુસુદન ! આજથી ૩૬ મે વર્ષે મંત્રી, જાતિ પરિવાર અને પુત્રોની પરસ્પર લડાઈને કારણે તમે સૌનો નાશ જોશો અને તમે પણ નિંદિત કારણે માર્યા જશો.” (સ્ત્રીપર્વ-અ-૨૫-શ્લોક-૪૧) હવે શ્રીકૃષ્ણ સ્મિત પૂર્વક ગાંધારીને જે કડવું સત્ય સંભળાવે છે તેમાં આખાબોલા અખિલેશ્વર આબાદ પ્રગટ થાય છે, શ્રીકૃષ્ણ ગાંધારીને કહે છે.

બ્રાહ્મણ સ્ત્રી તપસ્વીના ગર્ભને ધારણ કરે છે, ગાય ભાર ઊંચકનારા ગર્ભને ધારણ કરે છે, ઘોડી દોડનારા ગર્ભને ધારણ કરે છે, શુદ્રા સેવા વૃત્તિના દાસના ગર્ભને ધારણ કરે છે, વૈશ્યા જાતિની સ્ત્રી પશુ પાલન કરનાર ગર્ભને ધારણ કરે છે, પરંતુ તમારા જેવી સ્ત્રીતો યુદ્ધમાં લડીને મરી જનારા ગર્ભને ધારણ કરે છે.

(સ્ત્રીપર્વ : અ-૨૬-શ્લોક-૫)

આવા કડવું સત્ય બોલનારા અખિલેશ્વરને આજે નમન કરીએ. આજથી ગોળગોળ અસત્ય બોલવાનું બંધ ! અને જો અખિલબ્રહ્માંડના નાયકને આપણા પક્ષમાં રાખવા હોય તો આપણે સત્યના મારગે ચાલવું પડે અને તે માટે સદ્‌ગુરૂનાં શરણે જવું પડે. માધવ પરિવારનાં સંતોનો સમાગમ કરવો પડે.

## શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ પરંપરા અને આત્મજ્ઞાનનું શિક્ષણ

**મીનાક્ષી આઈ. પટેલ**
**અમદાવાદ**

સાંપ્રત ટેકનોક્રેટ સમયમાં ઈલેક્ટ્રોનિક્સ, ડીજીટલ, નેનો વિગેરે તકનીક-વિજ્ઞાન ઉપરાંત રોબોટીક સર્જરીથી લઈ લેસર અને ઈન્ટરનેટ જેવી હાઈપ્રોફાઈલ વિદ્યા ને કદાચ આપણે જ્ઞાન જ માની લઈએ છીએ.

સાચેજ એ વિજ્ઞાનનું જ્ઞાન **"COURTSEY WITH KNOWLEDGE"** છે જ પરંતુ કેવળ સૃષ્ટિના સારાસારને સુખ સગવડતા માટેની શોધ છે. જયારે આ બધા વિજ્ઞાનના સાધનો કામ ન લાગે ત્યારે ભારતીય વૈદિક સંસ્કૃતિના સંસ્કાર સિંચન ઉપરાંત ગુરૂ-શિષ્યની પરંપરા દ્વારા પીરસાતા આધ્યાત્મિક તેમજ પરંપરાગત કે વારસાગત પધ્ધતિઓ ઓટલા સાથે રોટલો અને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તે રીતે ગોઠવાયેલ છે. જે જીવન ઉપરાંત મૃત્યુબાદનું જ્ઞાન પીરસે છે. શાંતી અને સત્યનું જ્ઞાન પીરસે છે. તે કામ લાગે છે.

અમેરિકામાં બીલ ગેટસ્‌ને ચેરીટી માટે ટેન્ડરો મંગાવવામાં ઘણી માથાકૂટ થાયે છે. પરંતુ ભારતમાં નાનામાં નાનો માણસ અને સંત થી લઈ ફકીર પણ ચેરીટી કરતો જોવા મળે છે !

એકબીજા પ્રત્યેની ભાવના-સંવેદના અને સેવા પ્રત્યેના અભિગમ અહી અત્ર-તત્ર-સર્વત્ર છે. સંસ્કાર રૂપે મદદ ભાવના પ્રગટે છે, સહજ છે. મૂળભૂત રીતે પૂર્વને પશ્ચિમની સંસ્કૃતિમાં વિરોધાભાસ છે. પશ્ચિમ કેવળ પાંચ ઈન્દ્રીયોના ભભકાદારને ઉત્તમમાં ઉત્તમ દેખાડવામાં ખૂબ જ વિવેકપૂર્ણ નિપૂણતા ધરાવે છે માટે વિજ્ઞાનને તકનીક સાથે વિવેકપૂર્ણ પણ છે.

જયારે પૂર્વ ઈન્દ્રીયોથી પર એવા મન-બુધ્ધિ-અહંકારને પ્રાણના આધ્યાત્મિક દિવ્ય વરદાનના વારસાથી સજ્જ છે. જયા ઘણુબધુ અવ્યવસ્થિત લાગે કારણ કે મનની સ્વતંત્રતા છે. ગોઠવાયેલી પ્રણાલી કરતા કુદરતી રીતે ગોઠવાય એને પ્રણાલી માનવામાં આવે. અંતઃકરણના દરેક સાધનો દ્વારા ઈન્દ્રીયોથી પર માનવ મનના ઉંડાણથી આધ્યાત્મિક યાત્રા શરૂ થાય જે યોગાયોગ-વિદ્યાઓ-શિક્ષણ-નિદિધ્યાસન-સત્સંગ-સેવાને છેવટે જ્ઞાનની ગાડીમાં બેસવાનું થાયે.

ખરે જ વિચારીએ તો જ્ઞાન એટલે શું ? પાંચ પાંડવોના જીવનના વિવિધ પાસાઓ કે રામ-સીતાના જંગલમાં મંગલથી લઈ આજ સુધી નવી નવી શોધને આધારીત જીવન પધ્ધતિઓને જ્ઞાન કહીશું ? કે પછી

કપરા સમયમાં સંયમ જાળવી જે પંચમહાભૂતમાંથી આપણી જાતનું સર્જન થયું છે. તેનો જીવન દરમ્યાન યોગ્ય વહીવટને વપરાશ કરી તે પાંચ તત્ત્વોને (જળ-અગ્નિ-વાયુ-ધરા-આકાશ) જાળવીને ફરી તેમાં વિલીન થવાનો સમય આવે ત્યારે કેવી રીતે વળવું ?

વાનપ્રસ્થથી સમાધીનો સમય કહો કે પછી વનથી ઉપવનમાં વિચરીને નૈસર્ગીક જીવનમાં પાછા વળવાનું માનો.

મતલબ કે પંચીકરણનો પૂર્ણ અભ્યાસ-યોગના વિવિધ પ્રકારોમાંથી પસાર થઈ બ્રહ્મયોગની અદ્વિતીય સાધનાએ પહોંચવાના માર્ગને **જ્ઞાન** કહીશું.

ધારો કે પથ્થર ઘસી અગ્નિ દ્વારા પ્રકાશ ફેલાવવાની વિદ્યા નથી જાણતા પરંતુ અનેક વિદ્યાના જન્મજાત સ્ફૂરણ સાથે ઈશ્વરે આપણને અહી મોકલ્યા છે. માનું દૂધ ગ્રહણ કરવાથી લઈને ધીરે ધીરે સમયોચીત્ત ઘણી વિદ્યા ઈશ્વરની ભેટ રૂપે છે. અરે માનવમન અને માનવજીવન પણ એક વિદ્યારૂપ જ ઈશ્વરની ભેટ છે. માટે મનુષ્યરૂપ મહામુલ્યવાન અવસરને એળે જવા ન દેતા પૂ.શ્રી માધવાનંદ સ્વામીજી મહારાજશ્રીના વચને બ્રહ્મજ્ઞાનના ભાગીદાર બનવાનો પ્રયત્ન કરીએ.

શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ પરંપરામાં બ્રહ્મજ્ઞાન માટેની સાધનાનું લક્ષ્ય નિશ્ચિતરૂપે મોક્ષ તરફ છે. મોક્ષની આવૃતિરૂપે પૃથક પૃથક બાહ્ય દુનીયા સંબંધી વિકૃતીઓથી અથવા મળ અને વિક્ષેપથી પર થઈ માયાના આવરણને દૂર કરતા કરતા ક્રિયાઓ પ્રક્રિયાઓ દ્વારા અધ્યાત્મદર્શનને સંતોના સમાગમથી કેવળ ધ્યેય સિધ્ધિના કર્મો - આશ્રમને અનુરૂપ (ગૃહસ્થાશ્રમ-વાનપ્રસ્થાશ્રમ ઈત્યાદિ) વિવેકયુક્ત કર્મોને ભક્તિ ઉપરાંત નામ-સ્મરણ ભજન-કીર્તન-ધ્યાન-સાધના ધીમે ધીમે નિત્ય સ્થિતિમાં આરોપાયને મુમુક્ષુજનો પરમાનંદની પ્રાપ્તિ માટે જ્ઞાનના સાગરમાં સહેલ કરવા માંડે છે.

સત્યનું જ્ઞાન થતા મુમુક્ષુજનોનો શકવિદ્યા-તંત્ર-મંત્ર-વીશીકરણ-જાદુ કે ચમત્કાર જેવા તત્ત્વોથી દૂર થઈ બ્રહ્મતત્ત્વ એટલે કે જેના આધારે આખાય બ્રહ્માંડના જીવો જોડાયેલા છે, છતાં આત્માભાવથી અલગ છે અથવા વિછિન્ન છે, પર છે તેને જાણવાને સાધવા તત્પર બને છે. આ જ્ઞાનયાત્રા સરળ ભાષામાં શીક્ષાપત્રી દ્વારા આલેખાયેલી છે. ઉપરાંત આ સર્વ જીવોને પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતી અને સ્વસ્વરૂપની ઓળખાણ થાય એ માટે પૂજય શ્રી માધવાનંદજીની સમાધિ વખતોવખત સાંખ પૂરે છે અને સાક્ષી બને છે. કંચન અને કામીનીના તત્ત્વજ્ઞાને આગળ વધતા આ અવિનાશી-આકાર-ગંધ-સ્વરૂપ-હીન આત્માની દર્શનાભૂતી અચૂક અનૂભવાય છે.

જેને તર્ક વડે સિધ્ધ કરી શકાય **(LOGIC),** વૈજ્ઞાનિક સાધનો વડે પૃથ્થકરણ કરી શકાય **(Analysis),** પરંતુ ભારતીય તત્ત્વજ્ઞાન જે તત્ત્વવેતાઓ દ્વારા આત્માના એકત્વજ્ઞાનથી ઈશ્વરના સનાતન તત્ત્વ (સત્-ચિત્ત-આનંદ) નું વિશાળ દર્શન અનુભૂતી દ્વારા **(SELF REALISATION)** સ્થાપે છે. **(ESTABLISHED)**

મનુષ્યના હૃદયકમળે વિશાળ બ્રહ્માંડના દર્શનના ભાગરૂપે અનેક સૃષ્ટિઓના સર્જનના વલયો રચાય તે વળી બ્રહ્મદર્શનથી અનુભવાતી યોગદર્શનના ભાગરૂપ વિશાળતા અકથ્ય હોય તો કયારેક તો ઈતિહાસના સુવર્ણ સમય જેમ જ આત્માનું જ નિરૂપણ સ્પષ્ટ થઈ જાય ! ધન્ય એ ગુરૂ-પરંપરા-ભારતભૂમી અને મુમુક્ષુજન !

ક્ષણભરના આત્મભાવે જીવનની દ્રષ્ટિ બદલાય જાય ને પંચમહાભૂતનું રહસ્ય સમજમાં આવવા લાગે. સમય બરાબર સચવાય જાય છે. આ જીવનને ક્યાં સુધી વેઢારવું પડે ? જ્યાં સુધી આપણને પંચીકરણની પુરી સમજ ન પડે. જીવન મળ્યું છે આધ્યાત્મિક બન્યા પરંતુ જગત અને ભગતને વેર છે. તો ભગતને જ સહન કરવાનું આવશે તેમ માનીને ચાલવું.

કયારેક વિચારો શા માટે મારું આજ લક્ષ્ય ? ગુરૂ' ગુરૂદ્વારાને ગુરૂના આદેશ દ્વારા ભક્તિ. સાચે જ પુણ્ય ઉદય થાય ત્યારે જ અનેક યોનીયોના ચક્કરમાંથી મુક્ત થવા આવા સદ્ગુરૂ-પરંપરા સરળ માર્ગ અને "જેવો હું છું તેવો જ તું બન"-મતલબ પોતે તરે ને બીજાને તારતા જાય !! આવા દંભ વિનાના - લેશમાત્ર અભિમાન કે પાખંડ વીનાની પરંપરામાં આપણે આવીને ભળી જઈએ.

પૂજયશ્રીને સદેહે કયારેક જોયા નથી એવા અમો સૌ સેવકો પૂજય સદ્ગુરૂ બ્રહ્મનિષ્ઠ પૂજ્ય પરમાત્મારૂપ માધવાનંદજીને વારંવાર સમાધી દ્વારા અનુભવી રહ્યા છીએ. સચ્ચિદાનંદ શબ્દની યથાર્થતાનું ભાન એમની ગુરૂગાદી પર ભૂમીકા અદા કરનાર સર્વ ગુરૂઓ દ્વારા સાક્ષાત થતું રહે છે. અહીં શુધ્ધ અદ્વૈત બ્રહ્મજ્ઞાન અનુભવાય છે સાબીત કરવું પડતું નથી. આધ્યાત્મીક જ્ઞાનના સીમાડાને પૂર્વભૂમિકા જાણે કે પૂજયશ્રીની ઉપરાંત એમના અનૂચરોની સમાધી દ્વારા સતત સાક્ષીરૂપ છે. આત્મજ્ઞાનની જયોતીરૂપ છે.

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

કર્મજન્ય સિધ્ધિ ઈચ્છવાથી જ કર્મોમાં અદિવ્યતા (મલિનતા) આવે છે. આથી કર્મોમાં દિવ્યતા (પવિત્રતા) કેવી રીતે આવે છે, એને બતાવવા માટે હવે ભગવાન પોતાનાં કર્મોની દિવ્યતાનું વિશેષ વર્ણન કરે છે.

**ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશઃ ।**
**તસ્ય કર્તારમપિ માં વિદ્ધ્યકર્તારમવ્યયમ્ ॥**
**ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા ।**
**ઈતિ માં યોઽભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે ॥**

(ભ.ગી.-૪-૧૩-૧૪)

મારા દ્વારા ગુણ અને કર્મોના વિભાગપૂર્વક ચારેય વર્ણોની રચના કરવામાં આવી છે એ સૃષ્ટિ રચના વગેરેનો કર્તા હોવા છતાં પણ મુજ અવિનાશી પરમેશ્વરને (તું) અકર્તા જાણ ! કારણ કે કર્મોનાં ફળમાં મારી સ્પૃહા નથી, માટે મને કર્મો લિપ્ત નથી કરતાં, આ પ્રમાણે જે મને તત્ત્વથી જાણીલે છે, તે પણ કર્મોથી નથી બંધાતો.

પૂર્વ જન્મોમાં કરવામાં આવેલા કર્મો અનુસાર સત્વ, રજ અને તમ આ ત્રણે ગુણોમાં ઓછાવત્તુપણું રહે છે, સૃષ્ટિરચનાને સમયે તે ગુણો અને કર્મો અનુસાર ભગવાન પોતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ ચારે વર્ણોની રચના કરે છે. સત્ત્વગુણની પ્રધાનતાથી બ્રાહ્મણોની, રજાગુણની પ્રધાનતા અને સત્ત્વગુણની ગૌણતાથી ક્ષત્રિયોની, રજોગુણની પ્રધાનતા તથા તમોગુણની ગૌણતાથી વૈશ્યોની અને તમોગુણની પ્રધાનતાથી શુદ્રોની રચના કરવામાં આવે છે.

મનુષ્યો સિવાય દેવ, પિતૃઓ, તિર્થક વગેરે બીજી યોનિઓની પણ રચના ભગવાન ગુણો અને કર્મો અનુસાર જ કરે છે. તેમાં ભગવાનની કિંચિત્‌માત્ર પણ વિષમતા નથી. "ચાર્તુવર્ણ્યમ્" પદ પ્રાણીમાત્રનું ઉપલક્ષણ છે. એનું તાત્પર્ય એ છે કે મનુષ્યો જ ચાર પ્રકારનાં નથી હોતાં, પણ પશુ, પક્ષી, વૃક્ષ વગેરે વૈશ્ય અને કાગડો વગેરે પણ ચાર પ્રકારનાં હોય છે, જેમ કે, પક્ષીઓમાં કબૂતર વગેરે બ્રાહ્મણો, બાજ વગેરે ક્ષત્રિય, સમડી વગેરે વૈશ્યા અને કાગડો વગેરે શુદ્રપક્ષીઓ છે. આજ રીતે વૃક્ષોમાં પીપળો વગેરે વૈશ્ય અને કાગડો વગેરે બ્રાહ્મણ, લીમડો વગેરે ક્ષત્રિય, આમલી વગેરે વૈશ્ય અને બાવળિયો વગેરે શુદ્ર વૃક્ષો છે.

પરંતુ અહીં "ચાર્તુવર્ણ્યમ્" પદથી મનુષ્યોને જ લેવા જોઈએ. કેમ કે વર્ણવિભાગને મનુષ્યો જ સમજી શકે છે. અને તેનાં અનુસાર કર્મો કરી શકે છે. કર્મ કરવાનો અધિકાર મનુષ્યોને જ છે.

ચારે વર્ણોની રચના મેં જ કરી છે - એનાથી ભગવાનનો એવો ભાવ પણ છે કે એક તો આ મારા જ અંશો છે, હું સર્વનો પિતા છું અને આ મારા જ સંતાનો છે, અને બીજું, હું પ્રાણીમાત્રનો સુહૃદ છું, એટલા માટે હું સદા તેમના હિતનો જ વિચાર કરું છું. માટે સર્વ મનુષ્યોએ પોતાના વર્ણ-ધર્મ અનુસાર સમસ્ત કર્તવ્ય કર્મો વડે મારૂં જ પૂજન કરવું જોઈએ. પોત-પોતાના સ્વાભાવિક કર્મમાં તત્પરતાપૂર્વક જોડાયેલો માણસ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિધ્ધિને પામી જાય છે. પોતાના સ્વાભાવિક કર્મમાં માણસ જે રીતે કર્મ કરીને પરમ સિધ્ધિને પામે છે. એ ઉપાયને તું સાંભળ,

**યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।**
**સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ॥**

જે પરમેશ્વરથી સઘળા પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ આખું જગત વ્યાપેલું છે, કેવી રીતે ? જેમ બરફ જળથી વ્યાપેલો છે, એ જ પ્રમાણે આખો સંસાર સચ્ચિદાનંદઘન પરમાત્માથી વ્યાપેલો છે. એ પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને માણસ પરમ સિધ્ધીને પામી જાય છે.

**શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥**

સારી રીતે આચરવામાં આવેલા બીજાના ધર્મ કરતાં ગુણ વિનાનો છતાં પણ પોતાનો ધર્મ ચઢિયાતો છે, કેમ કે સ્વભાવથી નિયત થયેલું સ્વધર્મરૂપી કર્મ કરતો માણસ પાપને નથી પામતો. જે વણમાં આપણો જન્મ થયો છે. એ વર્ણના જ કર્મો કરવાથી, મનુષ્ય શરીરમાં જ મુક્તિ મળી જાય છે. કલ્યાણ થઈ જાય છે.

ઉત્પત્તિ વિનાશશીલ વસ્તુમાત્ર કર્મફળ છે.

ભગવાન અર્જુનને કહે છે કે જેવી રીતે મારી કર્મફળમાં સ્પૃહા નથી, એવી જ રીતે તારા કર્મફળમાં સ્પૃહા નહીં હોવી જોઈએ. કર્મફળમાં સ્પૃહા ન રહેવાથી સંઘળા કર્મો કરતો હોવા છતાં પણ તું કર્મોથી નહીં બંધાય.

સૃષ્ટિની રચના, પાલન, સંહાર વગેરે સઘળાં કર્મોને કરતાં હોવા છતાં પણ ભગવાન તે કર્મોથી સર્વથા અતીત અને નિર્લિપ્ત જ રહે છે.

સૃષ્ટિની રચનામાં ભગવાન જ ઉપાદાન કારણ છે અને તેઓ જ નિમિત્ત કારણ છે. માટીથી બનેલા પાત્રમાં માટી ઉપાદાન કારણ છે અને કુંભાર નિમિત્ત કારણ છે. માટીથી પાત્ર બનવામાં માટીનો (ખર્ચ) વ્યય થઈ જાય છે. અને તેને બનાવવામાં કુંભારની શક્તિ પણ ખર્ચ થઈ જાય છે. પરંતુ સૃષ્ટિની રચનામાં ભગવાનનો કોઈ પણ વ્યય નથી થતો. તેઓ જેમ છે તેમ જ રહે છે. એટલા માટે એમને 'અવ્યયમ્' કહેવામાં આવ્યા છે. જીવ પણ ભગવાનનો જ અંશ હોવાથી અવ્યય જ છે.

વિચાર કરો કે, શરીર વગેરે સઘળી વસ્તુઓ સંસારની જ છે અને સંસારથી જ મળેલી છે. આથી તેમને સંસારની જ સેવામાં લગાડી દેવાથી પોતાનો શું વ્યય થયો ? આપણે તો સ્વરૂપથી અવ્યય જ રહ્યા એટલા માટે જો સાધક શરીર, ઈન્દ્રિયો, મન, બુધ્ધિ, ધન, સંપત્તિ વગેરે મળેલા સાંસારિક પદાર્થોને પોતાના અને પોતાના માટેના ન માને, તો પછી તેને પોતાની અવ્યયતાનો અનુભવ થઈ જશે.

ભગવાને પોતાનાં કર્મોની દિવ્યતાને સમજવાની આજ્ઞા આપી છે. મારા જન્મ અને કર્મ દિવ્ય અર્થાત્ નિર્મળ અને અલૌકિક છે. એમ જે માણસ તત્ત્વથી જાણી લે છે તે દેહ છોડીને પુનર્જન્મ નથી પામતો, પણ મને જ પામે છે, અહીં પ્રશ્ન થાય કે તત્ત્વથી કેમ જાણી શકાય ? તેનો જવાબ છે કે સર્વશક્તિમાન સચ્ચિદાનંદ ઘન પરમાત્મા એ જ અવિનાશી - જન્મના વિકાર વિનાના અને જેનો કોઈ કાળે પણ વિનાશ નથી થતો એવા અખંડ પરમાત્મા એ જ સર્વ જીવોની પરમ ગતિ અને પરમ આશ્રય છે, તેઓ કેવળ ધર્મને સ્થાપવા તેમજ સંસારનો ઉધ્ધાર કરવા માટે જ પોતાની યોગમાયાથી સગુણરૂપ ધરીને પ્રગટ થાય છે, માટે પરમેશ્વર જેવું સુહૃદ, પ્રેમી અને પતિતપાવન બીજું કોઈ નથી, એમ સમજીને જે માણસ પરમેશ્વરનું અનન્ય પ્રેમથી નિરંતર ચિંત્તન કરતો આસક્તિ વિના સંસારમાં વર્તે છે, એજ એમને તત્ત્વથી જાણ્યા કહેવાય. 'ન ઈતિ અન્ય' અનન્યભાવ, જાણો કે એક જ પરમેશ્વર છે એ જ આપણો આશ્રય છે બીજો કોઈ નહીં, બીજો ભાવ જ નહી, એક જ આધાર, પરમાત્મા સિવાય બીજું કંઈ છે જ નહીં એવો દ્રઢ નિશ્ચય.

મનુષ્યમાં જયારે કામનાઓ ઉત્પન્ન થાય છે, ત્યારે તેની દ્રષ્ટિ ઉત્પત્તિ-વિનાશશીલ પદાર્થો ઉપર રહે છે. ઉત્પત્તિ-વિનાશશીલ (અનિત્ય) પદાર્થો ઉપર દ્રષ્ટિ રહેવાથી તે નિત્ય ભગવાનને તત્ત્વથી નથી જાણી શકતો.

પરંતુ કામનાઓ દૂર થવાથી જયારે અંતઃકરણ શુધ્ધ થઈ જાય છે, ત્યારે ભગવાનની તરફ આપ મેળે દ્રષ્ટિ જાય છે ભગવાનની તરફ દ્રષ્ટિ જતાં મનુષ જાણી જાય છે કે ભગવાન પ્રાણી માત્રના પરમ સુહૃદ છે. એટલા માટે તેમના દ્વારા થવાવાળી સઘળી ક્રિયાઓ પ્રાણીમાત્રના હિતને માટે જ હોય છે, ભગવાન તો જીવોને કર્મબંધનથી મુક્ત કરવાને માટે જ મનુષ્ય શરીર આપે છે. **'કર્મભિર્ન સ બધ્યતે'** ભગવાનનાં કર્મો તો દિવ્ય છે જ, સંત મહાત્માઓના કર્મો પણ દિવ્ય જ હોય છે, મનુષ્ય માત્ર પોતાના કર્મોને દિવ્ય બનાવી શકે છે. જયારે કર્મોમાં મલિનતા (કામના, મમતા, આસક્તિ વગેરે) હોય છે, ત્યારે તે કર્મો બંધનકારક બની જાય છે. જયારે મલિનતાં દૂર થઈ જતાં કર્મો દિવ્ય બની જાય છે. ત્યારે તે કર્મો તેને બાંધતા નથી. એટલું જ નહીં, તે કર્મો તે કર્તાને અને બીજાઓને પણ (તેના અનુસાર-આચરણ કરવાથી) મુક્ત કરવાવાળાં બની જાય છે.

પોતાના કર્મોને દિવ્ય બનાવવાનો સરળ ઉપાય છે - સંસારથી મળેલી વસ્તુઓને પોતાની અને પોતાને માટેની ન માનીને (સંસારની અને સંસારને માટેની માનતા રહીને) સંસારની સેવામાં સમર્પિત કરી દેવી.

જે કંઈ આપણને મળ્યું છે, તેનો જ આપણે સદ્ઉપયોગ કરવાનો છે. વસ્તુઓને પોતાની અને પોતાને માટેની ન માનીને નિષ્કામભાવપૂર્વક બીજાઓના હિતમાં અર્પી દેવી એ જ વસ્તુઓનો સદ્ઉપયોગ છે. એનાથી કર્મો અને પદાર્થો સાથેનો સંબંધ વિચ્છેદ થઈ જાય છે અને મહાન આનંદ સ્વરૂપ પરમાત્માનો અનુભવ થઈ જાય છે.

# ગુરૂ નિષ્ઠા

**રણછોડભાઈ અઘેવાડા**

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

સદગુરૂને સેવીને સંસારના તાપ, પાપથી બચાય છે. એક ગામ હતું તે ગામમાં નદી કિનારે વસેલું હતું તે ગામ ગુરૂ પરપરાનું હતું ધર્મવાન હતું. તે ગામમાં એક વાર ગુરૂજી ચાર્તુમાસ કરવા ગામ આવ્યા ત્યારે સવાર, સાંજ બપોર આશ્રમ ખૂબ સેવકો સેવા અર્થ હાજર રહેતા અને સમુહ ભીક્ષા લેતા બાળકો બહેનો અને ભાઈઓ ગુરૂજીની તન મન અને ધનથી સેવા કરતા અને બધાના મન અને તન પ્રશંન રહેતા. બધાના શરીર સારા દેખાવા લાગીયા. તે ગામમાં ઘરે ઘરે દાતણ નાખવા એક દેવી પુજક આવતી અને બધાને જોઈને વિચાર આવ્યો કે ગામ આખું કેવું આનંદ કરે છે. તેનું કારણ શું હશે. તે ગામના મુખ્ય કાકાને પુછ્યું ગામ આખું આનંદમાં કેમ રહે છે. ત્યારે મુખ્યા કાકા એ તેને કહ્યું કે અમારા ગુરૂજી આવ્યા છે. તેના ઉપદેશથી આ બધા આનંદમાં છે. ત્યારે દેવી પુજક તેના ઘરે જઈને તેના પતિને વાત કરી આપણા ગામમાં એક ગુરૂજી આવ્યા છે. તો તેને આપણે ગુરૂ કરવા છે. તેનો પતિ કહે છે. આપણે ચોરી કરીએ. આપણે નાતા-ધોતાના હોઈએ આપણે ખોટું બોલીયે એટલે આપણને ગુરૂ ઉપદેશ ના આપે. પણ તેની પત્નીને ગુરૂ કરવા માટે નિષ્ઠા વધવા લાગી અને બીજા દિવસે ગામમાં જઈને મુખીને મળી કહીયું કાકા અમારે ગુરૂ કરવા છે. અમે પણ સેવા કરીશું આશ્રમની સેવા, સફાઈ કરીશું ત્યારે કાકા કહેશે કે તન-મન-ચોખા રાખશો. ચોરી લુટફાટ ન કરીયે તેવા નિયમ રાખજો. ગુરૂજી પાસે ફળ-ફુલ લઈને આવજો. બીજા દિવસે સવારમાં સ્નાન કરીને ચોખ્ખા વસ્ત્ર પહેરીને સારા વસ્ત્રમાં બે રીંગણ, બે ગાજર, બે કોબી, બે મેથી ભારા લઈને અને મુખ્ય કાકાને કહે છે. મારે ગુરુના દર્શન કરવા છે. ત્યારે મુખ્યા કાકા ગુરુ પાસે ગયા ગુરુજીને આ વસ્તુ જોઈને બોલ્યા અને ગુરુજી અંદર જતા રહ્યા. દેવી પૂજક જે ગુરુજી બોલ્યા તે ઉપદેશ માનીને જીવનમાં દ્રઢ વિશ્વાસ કરી લીધો કે ગુરુજીનું વચન માની તેનું સ્મરણ કરવા લાગી રોજ સવારે ઉઠીને સ્નાન કરીને આશ્રમની સાફ-સફાઈ કરી જાય. જેમ જેમ સમય વીતવા લાગ્યો તેમ તેમ તેનું મન ભક્તિ તરફ વળવા લાગ્યું તેમ વરસો વીતી ગયા. એક દિવસ બહું જ વરસાદ પડયો અને નદીમાં પુર આવ્યું હતું તેને નદી કિનારે આવીને જોયુ તો નદીમાં બંને કિનારે પણ પાણી જતું હતું. તેને સામે કિનારે જવું હતું તો તે મનોમન વિચાર કરવા લાગી. મારા ગુરુજીએ મેત્ર આપ્યો છે. તો સાંભળેલું કે સદ્‌ગુરુ ભવસાગર પાર કરાવે છે. તો સદ્‌ગુરૂજી તે તેના પતિને કયુ કે મારા ગુરૂજી એ મને નદી પાર કરાવી છે. તમે બીતા નહી. તો તેની પત્ની ગુરુના મંત્રનો જાપ કરતા નદી પાર કરી ગઈ. બીજી વાર આવો જ પ્રસંગ બન્યો નદીમાં પાણી આવ્યું. ત્યારે એક વૃદ્ધ માજી કિનારે બેઠેલા હતા. તેને મનોમન વિચાર કરયો કે પાણી ઓછું થાય તો સામે કિનારે જવું હતું હું ત્યા તેને પેલા પતિ અને પત્ની મળ્યા. તેના પતિએ વૃદ્ધ માજીને પુછયું માજી સામે કિનારે તમારે આવવું હોય તો અમે તમને લઈ જઈએ. માજીએ વિચાર કર્યો કે ઘરમાં કોઈ પૂછતું તો નથી. મરી જઈએ તો પણ વાંધો નહીં. એમ વિચારીને માજી સાથે જવાની હા પાડી. પેલા ભાઈએ માથા પરથી પછેડી પાથરીને માજીને તેમાં બેસાડીયાં અને પતિ-પત્ની નદીમાં ચાલવા લાગ્યા. ગુરુજીના શબ્દની મંત્ર જાપ કરતા કરતા સામે પાર પહોંચી ગયા. માજી ગામમાં જઈને કહેવા લાગી કે પેલી દેવીપૂજકને ગુરુજીએ એવો મંત્ર આપ્યો કે તે નદી પાર કરી શકે છે. ધીરે ધીરે આ વાત ગામમાં લોકો તરફ ફેલાવા લાગી તેવા સમયમાં મુખ્યા કાકાને ત્યાં પોતાનો પુત્ર મૃત્યું પામ્યો ગામ આખું શોકાતુર થઈ ગયું ગામનાં માણસો ત્યાં ભેગા થઈ ગયા. કોઈને વિચાર આવ્યો કે પેલી દેવીપૂજક પાસે ગુરુ મંત્ર છે. તો તેને બોલાવો જો મંત્રથી જીવીત થાય તો સારું મુખ્યા કાકા પણ ગુરુજીની બહું સેવા કરતા તે વાત દેવી પૂજક પાસે આવી ત્યારે દેવીપૂજકને કહે છે. કે કાકાનાં એકનો એક દિકરો મૃત્યુ પામ્યો છે. તો તેને તમે ગુરુ મંત્રની અંજલી આપો તો તે દિકરો જીવીત થાય તો સારું દેવીપૂજક વિચાર કર્યા વગર ગુરુ મંત્રની અંજલી આપી અને તેની પાસે પડેલું પાણી લઈ તેના મુખ પર છાટું તો તે દિકરો જીવીત થઈ ગયો. અને ગામમાં આનંદનો પાર ન રહ્યો

અને આખા ગામમાં આનંદનો સાગર ઉલટયો પણ બીજા દિવસની સવાર થતા પાદરમાં ગામનાં વ્યક્તિ ભેગા થતા જાય તેમ વાત કરતા જાય છે કે ગુરુજીએ મંત્ર દેવીપૂજકને આપ્યો પણ આપણને ન આપ્યો. આપણે પણ ગુરુની સેવા કરીએ છીએ. તો પણ ગુરુજીએ આપણને આવો મંત્ર ન આપ્યો. હવે ગુરુજી આવે ત્યારે આપણે એની ખબર લેશું સમય જતા ગુરુજી આવ્યા ગુરુજી ગામમાં આવતા જ ગુરુની સામે કોઈ પણ જોતું નથી. ગુરુજીને થયું કે હું આવું ત્યારે ગામ લોકો મારા વાજતે ગાજતે સામયા કરતા, આજે શું થઈ ગયું કે ગામનાં લોકો મારી સામે પણ જોતા નથી. ગુરુજી ચાલીને પાદર તરફ આવ્યા ત્યાં ગામનાં માણસો બેઠા હતા. ગુરુજીએ પુછીયું કે શું વાત છે. કે મારી સામે પણ જોતા નથી. મારાથી કઈ ભુલચુક થઈ ગઈ છે. ત્યારે ગામનાં માણસો એક સાથે બોલી ઉઠયા કે તમે અમારી કદર કરી નથી. ગુરુજી કહે છે કે જો, તમારી શું કદર કરી નથી. ત્યારે ગામના લોકો કહે છે કે તમારી તન-મન-ધનથી સેવા કરીયે છીએ છતા. તમે અમને ગુરુ મંત્ર ન આપ્યો. ગુરુજી કહે છે કે જો તમને જીવમાંથી શિવ બનાવવાનો મંત્ર આપ્યો છે. નરમાંથી નારાયણ બનવાનો મંત્ર આપ્યો છે. નારીમાંથી નારાયણી બનવાનો મંત્ર આપ્યો છે. અને તમે ગુરુ પરંપરાના સેવકો છે. તમે આઠ-દિવસે સ્નાન કરતા હતા અને વહેમ અને વ્યસનમાં રહેતા હતા. ડાક અને ડમરું વગાડતા હતા. ભુવાના પનારે તમે પડયા રહેતા તમે તામશીક વૃતી જીવતા હતા. તો તમે આજે દેવ જેવું જીવન જીવો છે, તે ગુરુ કૃપા તો છે. તો ગામવાસીઓ કહે છે. કે ગુરુજી તમે મંત્ર તો પેલી દેવીપૂજક ને આપ્યો છે. તે દેવીપૂજક મંત્રથી નદી પાર કરી શકે છે. એટલું જ નહીં. પણ મુખ્યા કાકાનો દિકરો મૃત્યુ પામ્યો હતો તો તેને પણ સંજીવન કર્યો. તો એક મંત્ર અમને ન આપ્યો. ગુરુજી કહે છે કે કયો મંત્ર આપ્યો. બોલાવો પેલી દેવીપૂજકને સંદેશો આપ્યો કે તમને ગુરુજી બોલાવે છે. તો દેવી પૂજક તો રાજી રાજી થઈ ગયા, ગુરુજીના દર્શન મને થશે. આમ દેવીપૂજક દોડતી આશ્રમ તરફ આવી અને ગુરુજી પાસે આવીને તેને ગુરુજીને પ્રણામ કર્યા અને ગુરુજીએ તેને પ્રશ્ન પૂછયો કે જો તમને કયારે અને કયો મંત્ર આપ્યો હતો. ત્યારે દેવીપૂજક કહે છે કે હું ચાતુર્માસ દરમ્યાન તમારા દર્શનને આવી હતી ત્યારે તમે મને કહેલું દો રીંગણ, દો ગાજર, દો કોબી, દો મેથી કા ભારા તેરા સદ્‌ગુરુ તારણ હારા ગુરુજી આ મંત્ર તમે બોલેલા એટલે આ મંત્રનો હું જાય કરતી રહું છું અને આ મંત્રથી મને નદીના પહેલે પાર પહોંચાડે છે. એટલું જ નહીં. પણ મુખ્યા કાકાનો પુત્ર મૃત્યુ પામ્યો તેને પણ આ મંત્રએ જીવનદાન આપ્યો છે. તો ગુરુજી હું આ મંત્રથી ધન્ય થઈ ગય છું. અમારા જેવા પાપી જીવોનું તમે ઉધાર કર્યો છે. તો આ વચન સાંભળીને ગુરુજી બોલ્યા કે તમે સેવકો સાંભળો કે મેજે શબ્દ કહ્યા હતા તે શબ્દનો મંત્ર સમજીને તે નિત્ય જાપ કરતી હતી. તો તમને આત્મજ્ઞાન આપ્યું છે. છતાં તમને તે જ્ઞાન થતું નથી. તો આ દ્રષ્ટાંત થી સમજવાનું છે. કે ગુરુ પરંપરામાં સંતો સદ્‌ગુરુ થઈ ગયા છે. તો આવા ગુરુજીમાં નિષ્ઠા રાખવી જેમ દેવીપૂજક બહેને રાખી છે. તેમ આપણે પણ તેવી નિષ્ઠા રાખવી જોઈએ અને મુક્તિ માટે દ્રઢ નિષ્ઠાની જરૂર છે. જેને ગુરુમાં નિષ્ઠા નથી તેવા જીવોનું કલ્યાણ થતું નથી.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

આકરૂ ગામના (હાલ રાજપીપળા) સ્વ. ભીમભાઈ કેશરભાઈ જાદવ (ઉમર વર્ષ ૯૩) આસો વદ ૧ ને ગુરૂવાર તા. ૯/૧૦/૨૦૧૪ ના રોજ માધવ ચરણ પામેલ છે. સ્વર્ગસ્થના જીવાત્માને પરમાત્મા પરમ શાંતિ આપે. સમસ્ત માધવ પરિવાર વતિ વેદરહસ્ય કમિટિ શ્રદ્ધાંજલિ અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**


દડવા (રાંદલના) ગામના (હાલ સુરત) સ્વ. જયસુખભાઈ કુરજીભાઈ (જે.કે.) માંગુકીયા (ઉમર વર્ષ ૫૮) કારતક વદ ૮ ને શનિવાર તા. ૧૫/૧૧/૨૦૧૪ ના રોજ માધવ ચરણ પામેલ છે. સ્વર્ગસ્થના જીવાત્માને પરમાત્મા પરમ શાંતિ આપે. સમસ્ત માધવ પરિવાર વતિ વેદરહસ્ય કમિટિ શ્રદ્ધાંજલિ અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**


ઉખરલા ગામના સ્વ. સવજીભાઈ ગોવિંદભાઈ સુતરીયા (ઉમર વર્ષ ૭૩) કારતક વદ ૧૩ ને ગુરૂવાર તા. ૨૦/૧૧/૨૦૧૪ ના રોજ માધવ ચરણ પામેલ છે. સ્વર્ગસ્થના જીવાત્માને પરમાત્મા પરમ શાંતિ આપે. સમસ્ત માધવ પરિવાર વતિ વેદરહસ્ય કમિટિ શ્રદ્ધાંજલિ અર્પે છે.

ચાલો ચાંદોદ　　　　　　　　　　　　　　　ચાલો ચાંદોદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥



# શ્રી માધવાનંદ આશ્રમ



## સંચાલિત

## સ્વામી શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય આયોજીત

॥ અધ્યક્ષ ॥

**પ.પૂ. અનન્ત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ**

# મફત નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ નિદાન કેમ્પ





**તા. ૧૪-૧૨-૨૦૧૪ ને રવિવાર**

**સવારે : ૯:૦૦ થી ૧:૦૦**





**મફત :** આંખોની તપાસ કરી નિદાન કરીને યોગ્ય સારવાર.

**મફત :** આંખોના ઓપરેશન, ઝામર, વેલ, પરવાળા તથા મોતિયાના ઓપરેશન વિના મૂલ્યે.

**મફત :** કોમ્પ્યુટર દ્વારા આંખોના નંબરની તપાસ.

**મફત :** મોતિયાના દર્દીઓને ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવાની વ્યવસ્થા શંકરા આઈ હોસ્પિટલના ડૉક્ટરો અને સ્ટાફ મેમ્બર - મોગર ગામ દ્વારા સેવા આપવામાં આવશે.

**મફત :** ઓપરેશન વાળા દર્દીઓને ચાંદોદ થી મોગર લઈ જઈને મોગર ઓપરેશન કરીને ચાંદોદ પરત લઈ આવવાની વ્યવસ્થા.

**મફત :** દાંતની બીમારી, પાયોરીયા, સડી ગયેલા દાંત, દુઃખતા દાંત વગેરે માટેના નિષ્ણાંત દાંતના સર્જનશ્રીઓ દ્વારા કાઢી આપવામાં આવશે તથા તપાસીને દવા અને માર્ગદર્શન આપવામાં આવશે.

**દાંતના ડૉ. વૈદ્ય : ડૉ. મધુભાઈ બી. ઉપાધ્યાય**

## મફત આંખોના નંબરની તપાસ કરી આપવામાં આવશે.

**કેમ્પના આર્થિક સહયોગી :- સ્વ. જયંતિભાઈ રામભાઈ પટેલ (ઓજરાળાવાળા) (કેનેડા)**

**કેમ્પ સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, દયારામ પુરી, ચાંદોદ, પોસ્ટ ઓફિસની સામે, તા. ડભોઈ, જી. વડોદરા, ફોન :- ૦૨૬૬૩-૨૩૩૩૬૨**

## શંકરા આઈ હોસ્પિટલના સહયોગથી

**મુ. મોગર ગામ, આણંદ, નેશનલ હાઈવે નં. ૮, ફોન : (૦૨૬૯૨) ૨૮૦૪૫૦, ૨૮૦૪૬૦**




**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ** આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ ગાંધીનગરમાં નિયમીત ઉજવાતી પૂનમ તા. ૬-૧૨-૨૦૧૪ રોજ છે. પરંતુ રવિવાર પ્રમાણે તા. ૭-૧૨-૨૦૧૪ ના રોજ ઉજવાશે. સત્સંગ તથા પ્રસાદનો સમય ૩-૦૦ થી ૬-૦૦. અમદાવાદનાં બાપુનગરમાં વસતા સચ્ચિદાનંદ સેવક સમુદાય તરફથી ઉજવવામાં આવશે.

- તા. ૧૨-૧૨-૧૪ પ.પૂ. સ્વામીજીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો નિર્વાણ જયંતિ મહોત્સવ, ચાણોદ.
- તા. ૧૪-૧૨-૧૪ વડોદરા. સંપર્ક : ૯૦૧૬૫ ૬૫૦૮૯
- તા. ૧૭-૧૨-૧૪ શક્તિનાથ મહાદેવ, ભરૂચ.
- તા. ૨૦-૧૨-૧૪ નિકોલ ભોજલરામ સત્સંગ મંડળ, અમદાવાદ.
- તા. ૨૮-૧૨-૧૪ વેદાન્ત શિબિર, આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ, ગાંધીનગર. સમય : સવારે ૫.૩૦ થી ૬.૦૦ ધ્યાન અને ગુરુગીતાનો પાઠ, ૯.૦૦ થી ૧૦.૦૦ સ્વાધ્યાય માંડુક્યો ઉપનિષદ, ૩.૦૦ થી ૫.૦૦ પ્રવચન આરતી ધોળ, રાત્રે ૮.૦૦ થી ૯.૩૦ પ્રશ્નોતરી
- તા. ૧-૧-૨૦૧૫ શિબિર પૂર્ણાહૂતિ બપોરે ૧૨.૦૦ કલાકે

# પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ



## શ્રીનો '૧૩૪' મો નિર્વાણ જયંતિ મહોત્સવ





**સંવત ૨૦૭૧ માગશર વદ ૭ ને**
**શનિવાર તા. ૧૩/૧૨/૨૦૧૪**

## અધ્યક્ષ :-

## પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
## સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

નિમંત્રક - પ્રાગજીભાઈ ભીખાભાઈ અણઘણ પરિવાર નવા નાવડા (હાલ સુરત)
**સ્થળ :** શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા.
ફોન નં. ૦૨૬૬૩ ૨૩૩૩૬૨


---



**:: પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજીશ્રીનો કાર્યક્રમ ::**

- તા. ૧૪-૧૨-૨૦૧૪ થી તા. ૪-૧-૨૦૧૫ સુધી ચાણોદ
- તા. ૪-૧-૨૦૧૫ સાંજે સુરત.
- તા. ૫-૧-૨૦૧૫ સવારે ૬.૦૦ કલાકે અલ્હાબાદ જવા રવાના થશે.
- તા. ૧૫-૧-૨૦૧૫ પરમ પૂજ્ય સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૭૭ મો નિર્વાણદિન ઉત્સવ ઝુસી યોગાનંદ આશ્રમ, અલ્હાબાદ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.
- તા. ૧૬-૧-૨૦૧૫ ના રોજ અલ્હાબાદથી ટ્રેન દ્વારા સુરત આવવા રવાના થશે.
- તા. ૧૭-૧-૨૦૧૫ ના રોજ સુરત શ્રી માધવાનંદ આશ્રમમાં પધારશે.

---



:: પ્રવક્તાશ્રી ::

**''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ''** (૪૦૩) મુ. નવાખલ
**વક્તા – પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

- કથા પ્રારંભ :- સંવત ૨૦૭૧ માગશર વદ ૮ ને રવિવાર તા. ૧૪/૧૨/૨૦૧૪
- કૃષ્ણ જન્મોત્સવ :-માગશર વદ ૧૧ ને ગુરૂવાર તા. ૧૮/૧૨/૨૦૧૪
- કથા પૂર્ણાહૂતી :- માગશર વદ ૧૩ ને શનિવાર તા. ૨૦/૧૨/૨૦૧૪
- કથા સ્થળ :- મુ. નવાખલ, તા. આંકલાવ, જી. આણંદ.
- કથા સમય :- રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦
- આયોજક :- છત્રસિંહ ચતુરભાઈ જાદવ, ગોપાલભાઈ છત્રસિંહ જાદવ, મનુભાઈ છત્રસિંહ જાદવ

ॐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ

**સંવત ૧૯૯૭ ના માગસર વદી સાતમ ને શનિવાર તા. ૨૧-૧૨-૧૯૪૦ ને દિવસે, ગામ કઠલાલમાં પરમપૂજ્ય સદ્‌ગુરૂ સ્વામીજી શ્રી માધવાનંદજી મહારાજની શ્રી નિર્વાણ જયંતિના મહોત્સવ પ્રસંગે, ગામ કપડવંજના ભક્ત વલ્લભરામે ગાયેલી આ સ્તુતિ ભજન છે.**

શ્રી માગસર વદી સાતમ, છે નિર્વાણ તિથિ કાયમ;
શ્રી ગુરૂભાઈઓ ! સચ્ચિદાનંદ સત્ય છે :- (ટેક) ૧
ગુરૂ માધવનાથની તિથિ, નિર્વાણ જયંતિનીમિતિ; - શ્રી ગુરૂ ૨
ધ્યાન ભજનમાં દિવસ ભરવો, આનંદ મહોત્સવ કરવો; - શ્રી ગુરૂ ૩
ગુરૂ માધવાનંદને ભજશે, તે સહેજે ભવજળ તરશે; - શ્રી ગુરૂ ૪
શ્રી માધવ નામ પ્રતાપ, બળશે અનેક જન્મનાં પાપ; - શ્રી ગુરૂ ૫
જે જે દિવસો જાશે, તે તે પાછા નહીં દેખાશે; - શ્રી ગુરૂ ૬
સ્ત્રી-પુત્ર અને પરિવાર, નાવે કામ લગાર; - શ્રી ગુરૂ ૭
છે સ્વારથનાં સહુ બેલી,-અંતે મેલશે ત્હમને ઠેલી; - શ્રી ગુરૂ ૮
ભાઈ ! મ્હારૂં મ્હારૂં કરતાં, વ્હાલાં દીઠાં કંઈક મરતા; - શ્રી ગુરૂ ૯
જે જે કરોડાધિપતિ કહાવે, તેમની સાથે પાઈ ન જાવે; - શ્રી ગુરૂ ૧૦
અહીંનું અહીં સહુ રેહેશે, જાશે એકલા દુઃખ સેહેશે; - શ્રી ગુરૂ ૧૧
આવ્યા હતા વાળી મૂઠી, પણ ચાલ્યા ઉઘાડી મૂઠી; - શ્રી ગુરૂ ૧૨
પુણ્ય પાપ જે કીધાં હાથે, તે આવશે સરવે સાથે; - શ્રી ગુરૂ ૧૩
સંત શાસ્ત્ર કહે પોકારી, છે ગતિ કાળની ન્યારી; - શ્રી ગુરૂ ૧૪
શ્રદ્ધા ભક્તિથી ગુરૂને ભજવા, લોભી પાખંડી તજવા; - શ્રી ગુરૂ ૧૫
ગુરૂ માધવની કરો સેવા, શિવ બ્રહ્મા વિષ્ણુ જેવા; - શ્રી ગુરૂ ૧૬
કરીએ ધ્યાન મુક્તિ લેવા, નહીં દામ પડશે દેવા; - શ્રી ગુરૂ ૧૭
મ્હને ગુરુભક્તિ બહુ ભાવી, શ્રી ગુરૂએ બતાવી ચાવી; - શ્રી ગુરૂ ૧૮
સેવક વલ્લભ વદે છે વાણી, અંતરમાં હુલ્લાસ આણી; - શ્રી ગુરૂ ૧૯
શ્રી ગુરૂ ચરણે નમીને રહે છે, સચ્ચિદાનંદ સૌને કહે છે; - શ્રી ગુરૂ ૨૦

## :: સૌજન્ય ::

**શ્રી લાલજીભાઈ હરજીભાઈ માંગુકીયા**
**શ્રી વાલજીભાઈ હરજીભાઈ માંગુકીયા**
**શ્રી વલ્લભભાઈ હરજીભાઈ માંગુકીયા**
**શ્રી હિંમતભાઈ હરજીભાઈ માંગુકીયા**
**શ્રી ગોવિંદભાઈ હરજીભાઈ માંગુકીયા**
**(દડવા-રાંદલના) (હાલ-સુરત)**

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



પાલડી ગામના આંગણે સંવત ૨૦૭૧ નવા વર્ષમાં શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું રસપાન
કરાવતા પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-